ॐ

શ્રી હિંદુ ધર્મનાં
[illegible]

અથવા

સનાતન ધર્મના સિધ્ધાંતો

(વિવિધ ધાર્મિક પુસ્તકો ઉપરથી) સંયોજક,

અને પ્રકાશક.

[illegible]

મુખલક્ષણશાસ્ત્ર, મસ્તકશાસ્ત્ર તથા ફતેહ કેમ મેળવશોના કર્તા.

નિયામક ગુ૦ ધા૦ આ૦

પ્રકાશ સ્થાન.

શ્રી ગુજરાત ધાર્મિક આશ્રમ. અંકલેશ્વર.

(હિંદુમીશન)

કિંમત રૂ૦ ૦—૪—૦

વિષય અનુક્રમણિકા.

ॐ

હિંદુ ધર્મનાં મૂળ તત્વો

અથવા

સનાતન ધર્મના સિદ્ધાંતો.

સંયોજક:—(વિવિધ ધાર્મિક પુસ્તકોપરથી)

નર્મદાશંકર બાલાશંકર પંડયા.

મુખલક્ષણશાસ્ત્ર, મસ્તકશાસ્ત્ર તથા ફતેહ કેમ મેળવશોના કર્તા

અને ધર્મોપદેશ.

પ્રકાશક,

ધાર્મિકાશ્રમ (ઉપદેશક શાખા)

(નાંદોદ) અંકલેશ્વર.

કિંમત રૂ૦ ૦-૪-૦

હિંદુ ધર્મ:-બ્રહ્મજ્ઞાન હિંદમાં અને જગતમાં ફેલાવી સમાજને પ્રભુ સન્મુખ દોરવવી અથવા તે કાર્યમાં તન મન કે ધનથી મદદ કરવી એથી વિશેષ પુણ્યકારક બીજું કાંઇજ નથી. એજ મોક્ષનું-સામાજીક રાજકિય અને આર્થિક મોક્ષનું પણ સાધન છે.

આ પુસ્તકની વેચાણની બચત રકમ ઉપદેશ ખર્ચમાં વપરાશે.

પ્રથમાવૃત્તિ પ્રત ૧૧૦૦ ઇ. સ. ૧૯૨૨.

સુરત-લીમડાચોકમાં આવેલા ધી "સુંદર" પ્રીન્ટીંગ પ્રેસમાં
વીઠલદાસ કીકાભાઇએ છાપી.

"આ જગતમાં ધનની શોધ કરતાં મને માલૂમ પડ્યું કે હે પ્રભુ! તું મહાનમાં મહાન રત્ન છે. હું મારી જાતને તારા ચરણમાં સમર્પું છું.

"પ્રીતિ બાંધવા માટે કોઇની શોધ કરતાં મને જણાયું કે તુંજ પ્રીતિ કરવા ગોગ્ય છે, હું તારામાં મારી જાતનો યજ્ઞ કરું છું."

(यजुर्वेद संहिता.)

ॐ

નિવેદન.

આ નાકકડું પુસ્તક જનસમાજની એક અગત્યની ખોટ કંઇક અંશે પૂરી પાડશે એમ આશા છે. હિંદુ ધર્મનું સામાન્યજ્ઞાન પોતાને હિંદુ કહેવડાવતા ઘણા ઓછા માણસને હશે. કેટલાક વેદોનું નામ પણ જાણતા નથી. વળી ખ્રિસ્તી કે મુસલમાનો માફક મતમતાંતરોથી નિરાળા ઉપદેશકો હિંદુ ધર્મનું જ્ઞાન ફેલાવવા માટે શોધ્યા જડતા નથી અને કદાચ તેવા ઉપદેશકો હોય તો તેના કાર્યને દાનની પ્રણાલિકાથી પોષી અક્ષય પુણ્ય કમાવાની તજવીજ હિંદુ સમાજ કરતો નથી; જે હાલ જણાય છે તે કહેવાતા સાધુ અને ભિક્ષુકોનાં ઝુંડને ઝુંડ, જેઓ સમાજના દાનથી પોષાઈ વહેમ અને અજ્ઞાનના બીજ ગરીબ અને સ્ત્રી વર્ગમાં પૂર છૂટથી વાવ્યાજ જાય છે.

એક બાજુએથી ખ્રિસ્તિ લોકો પોતાના ધર્મનો પ્રચાર દુનિયાની દરેક જગ્યાએ કરવો એ સર્વોપરી પુણ્ય માને છે, અને પ્રભુપ્રિય થવાનો એ એકજ રસ્તો સમજી ઘણા પોતાના સર્વસ્વનું દાન કરે છે ત્યારે આપણા દેશમાં હિંદુ સમાજ અને ધર્મગુરૂઓ તદન બેદરકાર

રહી સામાન્ય ધર્મપ્રચાર તરફ આંખી પણ કરતા નથી, અને ઉપદેશ ધર્મને રઝળાવી પોતાના પગ ઉપર કુહાડો મારે છે.

છેલ્લાં ત્રણ વર્ષ થયાં ધાર્મિકાશ્રમના એક સેવક તરીકે આજીવિકાના વખતમાંથી બને તેટલો વધુ વખત ફાજલ પાડી ઉપદેશકનું કાર્ય કરતાં મને જણાયું છે કે જો મારા જેવા અનેક ખામીઓથી ભરપૂરને હાથે પણ ફક્ત શ્રદ્ધાનું સાધન ગ્રહણ કરતાં ધર્મપ્રચાર દુર્વ્યસનનાશાદિ અનેક કામો અજાયબ જેવી રીતે પ્રભુએ કરાવ્યાં છે, તો હિંદુસમાજ જાગ્રત થઈ ઉપદેશક અને સેવાભાવને માટે અન્ય સમાજ માફક દાન આપે અને સારા ઉપદેશકો પદ્ધતિસર ફરી કાર્ય કરે તો જેમ આજે ખ્રિસ્તી લોકો આખી દુનિયામાં પોતાના ધર્મનો ડંકો વગાડી રહ્યા છે તેમ હિંદુ ધર્મનો ડંકો આખા જગતમાં વાગ્યા સિવાય રહેજ નહિ.

ઉપદેશક તરીકે ફરતાં વળી મને એ પણ જણાયું છે કે જો કે હિંદુ ધર્મમાં અનેક મતમતાંતરો છે તો પણ તે સર્વે કેટલાક સામાન્ય મુદ્દા જેવા કે ઇશ્વરનું અસ્તિત્વ, કર્મ પુનર્જન્મ જ્ઞાન, ભક્તિ વગેરે ઉપર રચાયલા છે. આ સામાન્ય મુદ્દાઓનું જ્ઞાન ગમે તે પંથના હિંદુને અવશ્ય હોવુંજ જોઇએ. ધર્મના સામાન્ય જ્ઞાનના પણ અભાવને લીધે પરધર્મીઓને આપણા ધર્મનું રહસ્ય ચોક્કસ સમજાવી શકતા નથી તથા આપણે પોતે પણ ઘણી વખત ગુંચવાઈએ છીએ, અને તેથી આ નાનું પુસ્તક આપણા ધર્મનું ચોક્કસ જ્ઞાન થવા માટે તથા દરેકને કેટલાક મુદ્દાઓની એકસરખી સરળ વ્યાખ્યા આપી શકાય તે માટે તૈયાર કર્યું છે. ખ્રિસ્તી લોકો માફક

ધર્મના નાનાં પુસ્તકો ધર્મ જાગૃ : માટે અનેક લોકો દાન આપી પાણીને મૂલે વેચાવે છે તેમ આવા નાનાં પુસ્તકો સસ્તી કિંમતે વેચાવવા અનેક દાનવીરો નીકળશે.

ધાર્મિકાશ્રમ શું છે?

ખરૂં દાન તો તેજ કહેવાય કે જેથી લોકો નાસ્તિક મટી આસ્તિક થાય, હિંદુ ધર્મ જેમાં આપણે જન્મી વૃદ્ધિ પામ્યા, તે હિંદુ ધર્મ દરેક જગ્યાએ ફેલાય, રાજાથી રંક સુધી, દરેકને ધર્મ અને નીતિનો ઉપદેશ અપાય તથા જેથી પ્રભુના સેવકો ગામડે ગામડે ફરી સમાજને નિર્વ્યસની કરે અને બને તેટલાં વધારે જીવાત્માઓને પાપમાંથી પાછા વાળી તથા પરધર્મમાં વટલેલાઓને પણ ઉપદેશ આપી પૂણ્યકારક હિંદુ ધર્મની તારણ કરનારી પાંખ નીચે ઘાલી શકે તથા સેવાના કાર્યો કરી શકે. જ્યારે પરદેશના લોકો અહીં આવી પોતાના ધર્મમાં લેના કરોડો રૂપિયાનું દાન ખરચે છે તથા અનેક ખ્રિસ્તી ધર્મગુરૂઓ પોતાની જાત સમર્પણ કરે છે ત્યારે આપણે આપણા છે તેમને પણ કેમ સાચવી ન શકીએ અને સત્ય જ્ઞાન ફેલાવાનો પ્રબંધ કેમ ન રચીએ ?

તમારા દાનના રસ્તા દરેક જગ્યાએ ધાર્મિકાશ્રમ સ્થાપી ત્યાંજ વાળો, નહિ તો ઉપદેશ અને દેખરેખ વગર જે મજુર વર્ગ હિંદુ ધર્મમાંથી નીકળી જશે તો પગ ભાગતાં બીજા અંગોની જે દશા થાય છે, બળ જતું રહેતાં આખું શરીર જેમ કામનું રહેતું નથી તેમ હિંદુ સમાજનું થશે. માટે સવેળા ચેતી એકે એક નામધારી હિંદુમાં હિંદુ ધર્મનું સામાન્ય જ્ઞાન ફેલાય એકે એક હિંદુ ગમે

તેવા દૂરને ખૂણે રહેતો હોય તોપણ ત્યાં હિંદુ ધર્મના ઉપદેશકો મહિને કે બે મહિને જઈ ધર્મનીતિ સમજાવે એવી વ્યવસ્થા માટે દાન કરો. પૂર્વે તેમ થતું હતું, હવે નાશ થાય તે પહેલાં દાન પદ્ધતિ બદલી તેમ થવુંજ જોઈએ. ધાર્મિકાશ્રમની એજ પદ્ધતિ છે.

હિંદુ ધર્મનો તથા તેના ગૌરવનો પુનઃ ફેલાવો કરવો, લોકોને ધર્મિષ્ઠ થવા ઉપદેશકો ફેરવવા એ કામ મારૂં એકલાનું નથી; દરેકે દરેક હિંદુનું છે. મદદ મળો યા ન મળો, બીજા સાથે આવો યા ન આવો હું મારી જાતને આ કાર્ય માટે હિંદુ સમાજનો ખ્રિસ્તી વગેરેના પૈસા અને ઉપદેશકોથી નાશ થતો અટકાવવા પ્રભુ ચરણે ધરૂં છું. મહાન વિવેકાનંદે રચેલી પદ્ધતિ થોડાક ફેરફારો સાથે દાખલ કરવી એ મારો આદર્શ છે. ધર્મ એજ આપણું–હિંદનું મુખ્ય લક્ષણ છે. ધર્મ નાશ એજ આપણો નાશ. વીસ કરોડ ઉપરાંતની હિંદુ કોમમાં ધર્મ તરફ જે ગાઢ બેદરકારી ફેલાઇ છે તેજ આપણી હાલની દુર્દશાનું મૂળ કારણ છે. તેનો નાશ કરી હિંદુ ધર્મની પ્રબળ ભાવના હિંદમાં તેમજ હિંદ બહાર ફેલાવવામાં દરેકે દરેક મદદ કરો એવી પ્રાર્થના છે. એમાંજ આપણો સ્વાર્થ, એમાંજ આપણું પરમાર્થ રહેલું છે. પ્રભુ હિંદુ ધર્મનું ગૌરવ જગતમાં ફરીથી ફેલાવો. ફક્ત એજ, હિંદની ઉન્નતિની અને હિંદના વિજયની ચાવી છે; કારણ કે ઇતિહાસ બતાવે છે કે જે પ્રજામાંથી ધર્મબળ નાશ પામે છે તે પ્રજા નાશ પામે છે અથવા તો ગુલામ બને છે.

૧૯૭૮.
વિજયાદશમી
અંકલેશ્વર, } **નર્મદાશંકર બાળાશંકર પંડ્યા.**

ગઝલ ભૈરવી.

પડતી હવે મુજને ખબર, તમમાં છવાઈ સ્વાર્થતા,
આ જગતની જંજાળમાં, અધ્યાત્મ રસ ભૂલી ગયા;
જયાં પ્રેમ ધર્મનો ઝળહળે, ત્યાં દાન તમે દીધાં નહિ,
ઉપદેશ ધર્મ રઝળાવતાં સ્વાર્થ નાશ જોયો નહિ.
હવે જુઓ જરા જાગી (૨)
છોડી સેવાનો ધર્મ બન્યા શું રોગી (૨)
તંદ્રા જૂઠી દો ત્યાગી (૨)–હવે જુઓ
વેદોક્તજ ધર્મના વાસી, તને આ શી લગન લાગી ? (૨)
માર્ગ પરમાર્થનો ત્યાગી, ઋણા કાંટા શું હીણભાગી (૨)
હવે જુઓ.
ઉંડી આશ ધારીને, પૂર્વે ધર્મ સ્થાપ્યો તો (૨)
ભરૂસે રહી ભૂલીને ઓ ! કર્યું આ શું તમે હિંદુ (૨)
હવે જુઓ જરા જાગી.

મારા સ્નેહ તણા શીરતાજ
હું જીવું તમારે કાજ—મારા૦
જે દેશમાં–જે ધર્મમાં હું જન્મ્યો,
પોષણ થઇને વૃદ્ધિ પામ્યો,
વગાડું ડંકો તેનો આજ—હું જીવું૦
પ્રાણીમાત્રનો પ્રેમજ સાધું
સત્ય માર્ગે હું નિત્યે વાધુ
કરતો સેવા ધરીને દાઝ—હું જીવું૦
તન મન ધનના બળની સાથે
નર્મદ ધાર્મિક આશ્રમ માટે
સ્થાપે ધર્મનું રાજ્ય—હું જીવું૦

વાંચો ! વિચાર કરો ને યોગ્ય જણાય તો ગ્રાહક
થઈ વિજય મેળવો.

ફતેહ કેમ મેળવશો ?

સાક્ષર શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી એમ. એ.
એલ. એલ. બી. ની પ્રસ્તાવના સહિત.

દુનિયામાં માનસશાસ્ત્રનો વ્યવહારમાં ઉપયોગ કરી વિજય મેળવવાના અનેક રસ્તા બતાવનાર આ પુસ્તક છે અનેક મહાન પુરૂષના દાખલાઓ તથા ખરા બનેલા બનાવો રસાળ અને જુસ્સાદાર શૈલીમાં બતાવી પોતાનું હિત કેમ કરવું તે સમજાવ્યું છે. આ નવા જમાનાની ગીતા જેવું પુસ્તક છે. સ્મૉલ કૉઝ કોર્ટમાં વડા ન્યાયાધીશ સાહેબે લખેલી પ્રસ્તાવના માંથી થોડીક લીટી સામેની બાજુ ઉપર આપી છે જેથી પુસ્તક તમને કેટલુ જરૂરી છે તે સમજાશે. કિંમત રૂ. દોઢ.

સ્વાર્થ સાથે પરમાર્થ

આ પુસ્તકની અઢીસો રૂપીઆની નકલો કર્તાએ ધાર્મિકાશ્રમની વિવિધ પુણ્યકારક પ્રવૃત્તિઓ માટે દાન આપી છે તો એની કિંમત સારાં પુણ્યદાયક કામમાં વપરાશે માટે આજેજ ગ્રાહક થવા નીચેને સરનામે લખી સ્વાર્થ તથા પરમાર્થ મેળવશો. ગ્રાહક થવા આજેજ લખો.

વ્યવસ્થાપક ધાર્મિકાશ્રમ (ઉપદેશક શાખા)

(નાંદોદ) અંકલેશ્વર.

નવજીવનની તૈયારી કરનાર આ દેશને આ પુસ્તકની ખાસ જરૂર છે, ગુજરાત માનસશાસ્ત્ર, ધર્મ અને પ્રભુપ્રેમવડે કેવાં અવનવાં કાર્યો કરી શકે એમ છે તથા સાધારણમાં સાધારણ માણસ કેવી રીતે પોતાનું જીવન દરેક રીતે ઉત્તમ કરી શકે એમ છે તે એમાં ચોક્કસ બતાવવામાં આવ્યું છે,

તમારા સ્વાર્થને માટે તેમજ આની વેચાણની રકમ સત્કાર્યમાં વપરાશે તેથી પરમાર્થ માટે આ પુસ્તક ખરીદવા આજેજ લખો.

વ્યવસ્થાપક ધાર્મિકાશ્રમ (ઉપદેશક શાખા)

(નાંદોદ) અંકલેશ્વર.

સાક્ષર શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી એમ. એ. એલ. એલ. બી. ની પ્રસ્તાવનામાંના નીચેનાં વાક્યો વાંચી વિચારો.

'પુસ્તકનો વિષય, તથા તે પ્રતિપાદન કરવાની લેખકની રીત બંને એટલા ઉંચા પ્રકારનાં છે કે તે લેખ વાંચતા તેની લીટીએ લીટીમાં ભરાઇ રહેલો જુસ્સો આપણા હૃદયમાં ઠલવાતો લાગે છે.

જો કોઇપિણ વખતે હિંદુસ્તાનને આવા આત્મિક બળની જરૂરીઆત હોય તો તે આ વખતેજ છે. શિથિલતા, મંદતા, આનાકાની સંશય, સ્વાશ્રયની ખામી, પોતાને માટે હલકો વિચાર, બ્હીકણપણાની હદ સુધીની ગરીબાઇ, લાચારી, એવા એવા અનેક માનસિક રોગોથી ભરતખંડ ગ્રસ્ત થએલો છે.

એ રોગ મટાડવાનું ઔષધ આ પુસ્તકનો વિષય પુરૂં પાડે છે. **આપણા દેશના જીવનમાં** જે અવનવા પ્રશ્નો દરરોજ ઉભા થતા જાય છે તે **એકેએક પશ્નની ચાવી આ લેખ પુરી પાડે છે.**

આજે પ્રગતિનો જમાનો છે. જ્યાં સાંભળીએ ત્યાં પ્રગતિનો પ્રતિઘોષ થયા કરે છે. એજ પ્રગતિનો પ્રવાહ હિંદુસ્તાન પ્રતિ પુનઃ આવતો દૂરથી નજરે પડે તે. વિજ્ઞાન વગર કોઇ પણ પ્રજાની પરિપૂર્ણ ઉન્નતિ શકય નથી. એની પ્રતિતિ ઇતિહાસ આપે છે.

આત્મા એજ પરમાત્મા છે, પરમાત્માની અપરિમિત શકિતઓ આત્મા પોતાના પ્રયત્નથી મેળવી શકે છે. એ બધી વિધવિધ શકિતઓનો ભંડાર મનુષ્યનું મગજ છે. કઈ કઈ શકિતઓ, લાગણીઓ, કયા કયા સ્થાનમાં, કેટલા પ્રમાણમાં છે અને તે કયા કાર્યો કયા કયા નિયમ વડે કેટલા બળથી કરી શકે છે, એ બધું દર્શાવી શકાય અને તેનો ચોક્કસ નિયમ અને માપ તથા વધઘટના રસ્તા બતાવી શકાય એમ છે. એવી ઉપયોગી વિદ્યા સંબંધી ઘણી સસ્તી કીંમતે અને સરળ રીતે જ્ઞાન આપવા માટે આ પુસ્તકના લેખકે નીચેના પુસ્તકો તૈયાર કર્યા છે.

મુખલક્ષણશાસ્ત્ર (ચહેરા ઉપરથી લક્ષણ જાણવાની વિદ્યા Physiognomy) રૂ૦ ૨-૦-૦.

મસ્તકશાસ્ત્ર રૂ૦ ૦-૧૦-૦.

મસ્તકશાસ્ત્રનાં મૂળ તત્વો રૂ૦ ૦-૨-૦

થોડાક અભિપ્રાયો.

I like the book from a Police Point of view.

D. Kothawala.

પુસ્તક લખનારે આ વિષયનો લાંબો અને સુક્ષ્મ અભ્યાસ કરેલો જણાય છે.

साहित्य.

હિંદુ ધર્મ.

પ્ર૦—ધર્મ કોને કહેવો.

ઉ૦—**धारयतीति धर्मः** જે સર્વને ધારણ કરે છે તે ધર્મ. સર્વને ધારણ કરનાર સર્વના આધારરૂપ અજર, અમર, નિરાકાર પરમેશ્વરની ભક્તિ માટે, તેમાં અભેદ અનુભવવા માટે વેદ સ્મૃતિ, સદાચાર, અને શાસ્ત્ર સંમત જે માર્ગ છે તે તથા સુચરિત જ્ઞાનીઓએ જે ઉપાયો અથવા રસ્તાનું સેવન કર્યું છે તેને ધર્મ કહેવાય. જેથી આત્માને શાંતિ થાય તથા આ લોક અને પરલોકમાં સુખ મળે એ ધર્મ.

પ્ર૦—હિંદુ ધર્મ એટલે શું ?

ઉ૦—જે ધર્મ હિંદુઓને આવશ્યક છે તે હિંદુધર્મ કહેવાય છે. મુસલમાન, ખ્રિસ્તી, બૌધ વગેરે સિવાય આ આર્યાવર્તમાં રહેનાર દરેકને માટે 'હિંદુ' શબ્દ વપરાય છે. છેલ્લી વસ્તી પત્રક પ્રમાણે આ હિંદુ લોકની સંખ્યા એકવીસ કરોડ ઉપરાંત છે. હિંદુ શબ્દ જો કે શાસ્ત્રોમાં મલી આવતો નથી તેમજ તે મુસલમાની કાળથી પ્રચારમાં આવેલો છે છતાં પણ વેદોક્ત ધર્મ માનનાર આર્યો માટે હિંદુ શબ્દ એટલો બધો વપરાશમાં આવી ગયો છે કે તેનો ગમે તે અર્થ હોય તોપણ તે શબ્દ દૂર થઈ શકે તેમ નથી. વૈદિક (વેદોકત) ધર્મ એજ હિંદુ ધર્મ છે. એને સનાતન ધર્મ, આર્ય ધર્મ (આર્યલોકોએ અનુસરેલો ધર્મ) પણ કહેવાય છે.

પ્ર૦—એને સનાતન ધર્મ કેમ કહો છો ? એની શરૂઆત કયારથી થઈ તે કહો.

ઉ૦—વેદ અનાદિ અને સનાતન છે અને તે ઉપરથી આ ધર્મ પ્રચલિત થયો માટે તે સનાતન ધર્મ કહેવાય છે. આ ધર્મ સનાતન છે-તેની શરૂઆત કયારે થઈ તેનો કોઈ નિર્ણય કરી શકતું નથી. પ્રત્યેક કલ્પમાં પરમેશ્વર ઋષિઓ અને મહાનુભાવો મારફતે એ ધર્મની મર્યાદાને પ્રકટ કરે છે, ઋષિઓ કેવળ ધર્મને બતાવનારાજ હોય છે બનાવનાર તો કેવળ સત્ય સ્વરૂપ ઈશ્વરજ છે.

પ્ર૦—એ ધર્મનું મૂળ શું ?

ઉ૦—એનું મૂળ સત્ય છે. સત્ય એજ ઈશ્વર છે. સત્યમાંજ સઘળું રહેલું છે. વેદ, સ્મૃતિ, ઇતિહાસ, પુરાણ વગેરે એ ધર્મનું ફક્ત દિગ્દર્શનકરે છે તેટલા માટે જે રસ્તે મહાન પુરૂષો ગયા છે એજ માર્ગ. અનેવિદ્વાન અને ઈશ્વરપરાયણ પુરૂષોના હૃદયમાં સત્ય જ્ઞાન સ્વરૂપ ઈશ્વર છે તેજ આ ધર્મનું મૂળ છે. આવા મહાન ઋષિઓદ્વારા ઈશ્વરે મંત્રરૂપે પ્રકાશિત કરેલું જ્ઞાન જેને વેદ કહે છે તે આ ધર્મનું મૂળ છે.

વેદ.

પ્ર૦—વેદ એટલે શું ?

ઉ૦—નિરાકાર પરમેશ્વરને યથાર્થ રીતે જાણવાનું જ્ઞાન જેમાં કહેલું છે, અને જેના વડે તે જાણી શકાય છે તેને વેદ કહે છે.

વેદ એટલે ઈશ્વરે ઋષિયોદ્વારા મંત્રરૂપે પ્રકાશિત કરેલું જ્ઞાન.

તે જ્ઞાન અનાદિ અનંત અને દૈવી છે ઋષિઓ મંત્રોના કર્તા નહિ પણ ફક્ત દૃષ્ટાજ હતા. વેદોના ભાગ, તેનાં સુક્તો અને મંડળોના ક્રમ ગણાઈ શકાય પરંતુ વેદમાં જે જ્ઞાન દર્શાવેલું છે તેના વખતની ગણના થઈ શકતી નથી. વેદમાં પ્રતિપાદન કરેલું જ્ઞાન ઈશ્વર કૃત અનાદિ અને અનંત છે.

પ્ર૦—વેદને અનાદિ કહેવાનું કારણ શું?

ઉ૦—સર્વ ગ્રંથોની રચના વેદ ઉપરથી થઈ તેથી સર્વ ગ્રંથોની આદિ વેદ છે. વેદ રચાયા પહેલાં બીજો કોઈ ગ્રંથ થયો નથી તેથી વેદ અનાદિ છે. જો કે બ્રહ્મદેવાદિક ઋષિયોના મુખદ્વારા વેદ પ્રકટ થયો તોપણ જ્ઞાન લક્ષણથી તથા અર્થરૂપે જોતાં બ્રહ્મ દેવાદિક ઋષિયોથી પણ પહેલાંનો વેદ છે તેથી બ્રહ્મ દેવાદિક ઋષિયોથી પણ વેદ આગળ છે તેથી વેદ અનાદિ છે.

પ્ર૦—વેદના ભાગ કેટલા?

ઉ૦—વેદના ચાર ભાગ છે. રૂગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ મહાભારતમાં કહ્યું છે કે પ્રથમ એક વેદ હતો પણ પાછળથી મનુષ્યનું આયુષ્ય અને શક્તિ ઓછી થતાં તેના ચાર ભાગ કરવા પડયા. દરેક વેદના સંહિતા અને બ્રાહ્મણ એવા બે ભાગ છે.

વેદમાં ઉપાસના.

સંહિતામાં દેવતાઓની સ્તુતિ યજ્ઞ વગેરેના મંત્રો છે બ્રાહ્મણ ભાગમાં આરણ્યક તથા ઉપનિષદ એવા બે વિભાગો છે. ઉપનિષદોમાં બ્રહ્મવિદ્યાનું મહા ઉંચુ અને કીંમતી જ્ઞાન ભરેલું છે. બીજામાં ઈતિહાસ, પુરાણ, સૂત્ર, વ્યાખ્યાન અને યજ્ઞ આદિની વિધિ છે.

પ્ર૦—વેદમાં ઉપાસના કોની કહી છે?

ઉ૦—એક સત્ય સ્વરૂપ ઇશ્વરનીજ ઉપાસના વેદમાં છે. તેમાં દેવતાઓની સ્તુતિ તથા યજ્ઞ વગેરે બતાવ્યાં છે તે બધું આ ઉપાસનાનું અંગ છે. "તે દેવતાઓનો દેવ છે, તે વેદોનો અંત વેદાંત છે (બૃહદારણ્યક ઉપનિષદ અ. ૩. બ્ર. ૯)

પ્ર૦—વેદના અંગનું વર્ણન કરો.

ઉ૦—વેદના છ અંગ છે.

૧. શિક્ષા, તેમાં અક્ષરોના ઉચ્ચારોનો વિધિ છે.

૨. કલ્પ, તેમાં કર્મ કરવાની રીત છે.

૩. વ્યાકરણ, જેથી શબ્દ અને તેના અર્થનું જ્ઞાન થાય છે.

૪. નિરૂક્ત, જેથી વેદના શબ્દોના અર્થનું જ્ઞાન થાય છે.

૫. છંદ, જેમાં અક્ષર માત્રા અને વૃત્તોનું વર્ણન છે.

૬. જ્યોતિષ, જે વડે કાળનું જ્ઞાન થાય છે.

પ્ર૦—ચારે વેદોનું તાત્પર્ય એક છે કે જૂદું જૂદું છે?

ઉ૦—એકજ વેદના ચાર વિભાગોનુ તાત્પર્ય એક નિરાકાર પરમેશ્વરનો પોતાના અંતઃકરણે વિચાર કરી, તે અંતઃકરણમાં નિરાકાર પરમેશ્વરનો ઐક્યભાવ તથા ભક્તિ ધરવી એજ છે. પણ કર્મો કરવામાં જૂદી જૂદી યુક્તિઓ છે તથાપિ તાત્પર્ય એકજ છે, એ ઉપરાંત વધારે માહિતિ માટે વેદના કર્મ ઉપાસના અને જ્ઞાન કાળ સંબંધી જૂદા પ્રકરણમાં બતાવીશું.

ઉપવેદ.

પ્ર૦—ઉપવેદ કેટલા છે?

ઉ૦—ઋગ્વેદનો ઉપવેદ વૈદક (જેના ચરક, વાગ્ભટ, શુશ્રુત, આદિ ગ્રંથો પ્રચલિત છે). યજુર્વેદનો ધનુર્વેદ (જેમાં યુદ્ધવિદ્યા ધર્મરક્ષા અને સ્વદેશ રક્ષાનો વિષય છે.) સામવેદનો ઉપવેદ ગાંધર્વ વેદ (સંગીતનો વિષય), અથર્વવેદનો સ્થાપત્ય ઉપવેદ જેમાં શિલ્પ કળા, પદાર્થ વિદ્યા અને બીજી કળાઓ છે તેના ૬૫ ભાગ હતા.

પ્ર૦—વેદના ઋષિ કયા કયા છે?

ઉ૦—વશિષ્ઠ, અત્રિ કશ્યપ, ભરદ્વાજ, ગૌતમ, જમદગ્નિ વિશ્વામિત્ર વગેરે ઋગ્વેદના અને સામવેદના મૂખ્ય ઋષિ છે. યજુર્વેદના મૂખ્ય ઋષિ યાજ્ઞવલ્કય અને અથર્વવેદના મુખ્ય ઋષિ અથર્વાંગિંરાછે.

પ્ર૦—મૂખ્ય ઉપનિષદો કઈ છે?

ઉ૦—ઈશ, કેન, કઠ, પ્રશ્ન, મુણ્ડક, માણ્ડુકય, તૈતિરીય, છાંદોગ્ય, બૃહદારણ્યક, કૌશીકી, મૈત્રેયી અને શ્વેતાશ્વતર.

ખંડ પહેલો શાસ્ત્રો.

પ્ર૦—શાસ્ત્રો એટલે શું.

ઉ૦—વેદોક્ત ધર્મનું શિક્ષણ આપવા સારૂ કરેલી જુદી જુદી રીતો જે પુસ્તકોમાં બતાવી છે તે શાસ્ત્રો કહેવાય છે.

(૧) **સાંખ્ય**—(રચનાર કપિલમુની, તેમાં પ્રકૃતિ (કુદરત) અને પુરૂષ (આત્મા) એજ વસ્તુઓ બતાવી કહ્યું છે કે જ્યારે આત્મા સંપૂર્ણ જ્ઞાનમય થાય છે ત્યારે તે કોઇ શરીરમાં પ્રવેસ કરતો નથી અને મોક્ષ મેળવે છે.)

(૨) **યોગ**—(રચનાર પતંજલિ તેમાં સઘળી વસ્તુઓ પરમાત્મા

માંથી ઉદ્દ્ભવી છે એમ બતાવી પરમાત્મા વિષે મનન કરવાથી આત્મા છુટો થઈ મોક્ષ મેળવે છે.)

(૩) **ન્યાય**—(રચનાર ગૌતમ. તેમાં બતાવ્યું છે કે જોકે સઘળી વસ્તુઓ ઇશ્વરમાંથી ઉદ્દ્ભવી છે. પણ આત્મા અનાદિ છે અને જ્યારે પૂર્ણ જ્ઞાન પામે ત્યારેજ તેનું જન્મ બંધન છુટે છે.)

(૪) **વૈશેષિક**—(રચનાર કણાદ. જેમાં બતાવ્યું છે કે દુનિયા અણુંની બનેલી છે, પણ અણું બદલાતાં નથી પણ દુનિયાના સ્વરૂપમાં નિરંતર ફેરફાર થયા કરે છે).

(૫) **પુર્વ મિમાંસા**—(રચનાર જૈમિનિ. તે વેદની આજ્ઞાઓ પાળવા મંત્ર ભણવા તથા દાન આપવાનું પ્રતિપાદન કરે છે).

(૬) **ઉત્તર મિમાંસા**—(રચનાર બાદરાયણ વ્યાસ, તે બતાવે છે કે સઘળી વસ્તુઓ બ્રહ્મમાંથી પેદા થાય છે અને પ્રકૃતિ તથા આત્મા જ્યારે તેમાં પાછા સમાય ત્યારે તે પૂર્ણ આત્મા થાય વળી જીવ આત્માનો અંશ છે, અને એ જીવાત્મા સત્વ તથા જ્ઞાનની સીમાએ પહોંચે છે ત્યારેજ તેનાં દેહબંધન છુટી ઇશ્વર સાથે ભળે છે. આને અદ્વૈત મત કહે છે, કારણ કે તેમાં બતાવ્યું છે કે આત્મા ને પ્રકૃતિ ભિન્ન વસ્તુઓ નથી પણ પરમાત્માના જુદાં જુદા સ્વરૂપ છે.) ઉપર મુજબ તત્વજ્ઞાનના ૭ શાસ્ત્રો છે. તેમાં પાછલાં બે શાસ્ત્રોમાં વેદાન્તનાં વિચારો સ્વીકારેલા છે,

ખંડ પહેલો શ્રુતિ, સ્મૃતિ અને પુરાણ.

પ્ર૦–(૧) શ્રુતિ (૨) સ્મૃતિ અને (૩) પુરાણોમાં શો ભેદ છે.?

ઉ૦–(૧) શ્રુતિ એટલે વેદ.

(૨) સ્મૃતિ એટલે શ્લોક રચના જેવા દેશકાળને અનુસરી સદાચારી મહાનુભાવ ઋષિયોએ જનસમાજના તે તે વખતના નિયમનને માટે રચેલી ધર્મ માટેની આજ્ઞાઓ. એમાં મનુસ્મૃતિ, પરાશર, યાજ્ઞવાલ્ક્ય મુખ્ય છે.

સ્મૃતિઓમાં સૃષ્ટિક્રમ, ધર્મ અને તેનાં સામાન્ય લક્ષણ, વર્ણાશ્રમની મર્યાદા અને તેનો ધર્મ આચાર, વ્યવહાર, પ્રાયશ્ચિત, દંડ, કર્મફળ, જપ, તપ, નિયમ વગેરે બધા વિષયો આવેલા છે.

સ્મૃતિઓ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પદાર્થોનું નિરૂપણ કરવા તે તે કાળની લોકવ્યવસ્થાને અનુસરી જુદા જુદા વિદ્વાનોએ બનાવેલી છે. આથી તેમાં મતભેદ જણાય છે. તેથી જે જે ભાગ દેશ, કાળ અને શ્રુતિ તથા વિદ્વાન પુરૂષોના અનુભવને અનુકુળ અને જનસમાજને હિતકારી હોય તે સ્વિકારવો.

(૩) પુરાણો. વ્યાસ અને અન્ય ઋષિઓએ બનાવેલી પુરાતની કથાઓને પુરાણ કહે છે. એમાં વેદ પ્રતિપાદ્ય ધર્મનું શિક્ષણ જેમણે સ્વિકાર્યુ તે કેવી રીતે વર્ત્યા તથા જેમણે ન સ્વિકાર્યું તેમણે શું કર્યું તથા તેમની શી ગતિ થઈ તે તથા આગળ મહાન પુરૂષોએ ધર્મ સાધના માટે અને અધર્મનું ખંડન કરવા માટે શું શું કામ કર્યા તથા પરસ્પર કેવા ઉપદેશ કર્યા, કેવા વાદવિવાદ કર્યા તેનો ઈતિહાસ વીર, શૃંગાર, હાસ્ય વગેરે આઠ રસને યુક્તિ પૂર્વક ગુંથી બતાવેલો છે. એમાં લાક્ષણિક કથાઓ, નીતિ તથા નિરાકાર પરમેશ્વરની પ્રાપ્તિનો શાંતિ રસ પણ દાખલા દલીલો સાથે બતાવેલો છે.

ઇતિહાસ-રામાયણ અને મહાભારત.

ભારતના મૂખ્ય બે ઇતિહાસ રામાયણ અને મહાભારતમાં ધર્મ બળ, પરાક્રમ, ત્યાગ અને જ્ઞાનસંપન્ન મહાપુરૂષોનાં ચરિત્રો મારફતે જનસમાજને જીવનનો ઉદ્દેશ બતાવી વેદ વેદાંતના સિદ્ધાંતનું સરળતાથી નિરૂપણ કરેલું છે.

પ્ર૦—આ ઇતિહાસની ધર્મશાસ્ત્રમાં ગણના કેમ કીધી ?

ઉ૦—મહા પુરૂષોએ કરેલાં કૃત્યોની ગણના વડે ઇતિહાસ રચાય છે. આ ઇતિહાસમાં વર્ણવેલા મહા પુરૂષોએ પોતાના જીવન વડે ધર્મની મર્યાદાની સુસ્થાપના કરી માટે આ ઇતિહાસ જે ધર્મભાવનાના જ્વલંત દ્દષ્ટાંતો તથા મનુષ્યને ધર્મિષ્ટ બનાવે એવા સરળ ઉપદેશથી ભરપૂર હોવાથી તેની ધર્મ શાસ્ત્રોમાં ગણના કરી છે.

રામાયણ બતાવે છે કે રામચંદ્ર જેવો સત્યવાદી, ધર્મપરાયણ અને દ્દઢ વ્રતધારી પુરૂષ કોઈ થયો નથી કે થશે નહિં. સારામાં સારા રાજને રામરાજની ઉપમા આપીએ છીએ. ભરત અને લક્ષ્મણનો ભ્રાતૃભાવ, સીતાજીનું પતિવ્રત, હનુમાન જેવું બળ અને ભક્તિ હંમેશાં કોઇપણ દેશકાળમાં આદર્શરૂપ રહેશે.

મહાભારતમાંથી ભગવદ્‌ગીતા જેવું રત્ન મળે છે. જેવી રીતે પરમેશ્વર સર્વ દેવના દેવ છે તેમ શ્રીકૃષ્ણે ઉપદેશેલી **ગીતા** સર્વ શાસ્ત્રોનો સાર છે.

ગીતામાં ૧૮ અધ્યાય અને ૭૦૦ શ્લોકો છે. પ્રથમના ૭ અધ્યાયમાં નિષ્કામ કર્મ એટલે ફળની આશા વગર ઇશ્વર પ્રીત્યર્થે કર્મ કરવાનું, બીજા ૭ અધ્યાયમાં [illegible] ધ્યાન, ચિંતન,

પુજન અનન્ય ભક્તિવડે કરવાનું, અને છેલ્લા ૭ અધ્યાયમાં આથી થયેલ ચિત્ત શુદ્ધિદ્વારા ઈશ્વરમય થવાનું બતાવેલું છે. જગતમાંના કોઈપણ શાસ્ત્રમાં આત્માની શાંતિ આપનાર તથા શાશ્વત સુખ આપનાર એથી શ્રેષ્ઠ શાસ્ત્ર કોઈ છે નહિ અને થશે પણ નહિ. એ હિંદનો અમૂલ્ય ખજાનો છે, જેનો સમાજ તરફથી વ્યવહારૂ ઉપયોગ કરતાં પ્રત્યેક વ્યક્તિને આ સૃષ્ટિ ઉપર સ્વર્ગનો અનુભવ થઈ શકે. ગીતામાં દર્શાવેલું જ્ઞાન અને ધર્મ પાશ્ચાત્ય વિજ્ઞાનશાસ્ત્ર, અથવા તો માનસશાસ્ત્રની શોધખોળોની કસોટીમાં ટકી શકે છે તથા તે અંધશ્રદ્ધા નહિ પણ દૃઢ શ્રદ્ધા, ગમે તેવા સંશયી અને વિવેચક માણસની વિવેકબુદ્ધિને ખાત્રી કરી આપી પેદા કરે છે.

વેદનાં કાંડો.

કર્મકાંડ, ઉપાસના કાંડ, જ્ઞાનકાંડ.

પ્ર૦—વેદના કાંડ એટલે શું અને તે કેટલા છે?

ઉ૦—કર્મ, ઉપાસના, અને જ્ઞાન એવા વેદના ત્રણ કાંડ છે. (૧) પરમેશ્વરની પ્રાપ્તિ થાય એ હેતુ ધ્યાનમાં રાખી મનુષ્ય માત્રે શુદ્ધ કર્મો કરવા એવું વેદના જે ભાગમાં બતાવેલું છે તેને કર્મકાંડ કહે છે. (૨) પરમેશ્વરની પ્રાપ્તિ માટે જે પ્રકારનો વિચાર કરવો તથા જે પ્રકારનું ધ્યાન ધારણા કરવી એ જે ભાગમાં બતાવેલું છે તેને ઉપાસના કાંડ કહે છે. (૩) અને છેલ્લું પોતે પોતાને નિરાકાર દેહાતીત જોવો, પોતાને જન્મ મરણ છેજ નહિ તથા સર્વ પદાર્થોમાં

પોતાના આત્માને જોવાનો વિચાર જેમાં બતાવેલો છે તે જ્ઞાન કાંડ છે.

પ્ર૦—વેદ પ્રતિપાદ્ય કર્મકાંડનું ટુંકામાં વિવેચન કરો.

ઉ૦—પોતાના મન, પ્રાણ અને ઇંદ્રિયોથી શ્વાસવાન જીવ માત્રને દુઃખ ન થાય તેવું તથા અહંપણું ધરનાર જ્ઞાન પહેલાંનું સ્વરૂપ નિરાકાર પરમેશ્વર ઉપર સદાકાળ પ્રીતિ રહે એવું ઉત્તમ કર્મ કરવું. પરમેશ્વર પ્રાપ્તી માટે ઇંદ્રિયોને વિષયલંપટ ન થવા દેતાં સ્નાન દાનાદિક, વેદ નિયમિત કર્મો, પરમાત્મા સ્વરૂપ પ્રાણીઓને હિતકારક કર્મો નિષ્કામપણે ચિત્તની શુદ્ધિ માટે કરવાં એ કર્મ કાંડનું વિવેચન છે. ગીતામાં પણ નિષ્કામ કર્મ કરવાનો ખાસ ઉપદેશ અપાયો છે. જે ખરો જ્ઞાની કે ખરો ભક્ત હોય છે, તે એક બાજુએ બેસી ફક્ત ઇશ્વર ચિંતનમાંજ કાળ ગાળતો નથી પણ જેમ પરમાત્મા દરેકનું કલ્યાણ સાધ્યા કરે છે તેમ તે ભક્ત કે જ્ઞાની, જન સમાજનું કલ્યાણ થાય એવાં કૃત્યો દયાથી નહિ પણ પ્રભુ પ્રત્યેના પ્રેમ વડે સતત્ નિષ્કામપણે કર્યાજ જાય છે. ગીતા અ. ૩ શ્લો. ૨૫ માં ગોકુળી આજ્ઞા છે કે "કર્મફળમાં આસક્તિવાળા અજ્ઞાનીઓ જેવી રીતે કર્મ કરે છે તેવી રીતે આસક્તિ વિનાના વિદ્વાને પણ લોક કલ્યાણને માટે કર્મ કરવાં.

પ્ર૦—એક બાજુએ બેસી આત્મચિંતન કરતાં મોક્ષ મળે એમ હોય તો આ નિષ્કામ લોકકલ્યાણના કર્મની જરૂર શી છે?

ઉ૦—ભક્તિ, દયા, વૈરાગ્યની ખોટી માન્યતાએ કરીને ઘણા માણસો લોકકલ્યાણના કર્મને ઉત્સાહ અને આસક્તિવાળા મનુષ્યો જેવાં કર્મ કરે છે તેવી લાગણીથી કર્મ કરવાનું બંધ કર્યું તેથી આજે હિંદ ધર્મની પડતી તથા દેશની દુઃખી હાલત થઇ છે.

પ્ર૦—ત્યારે મોક્ષ માટે ખરો વૈરાગ્ય અને દયા કેવી હોય?

ઉ૦—સ્વામી વિવેકાનંદના શબ્દોમાં આનો ઉત્તર નીચે મુજબ છે. ઉપનિષદ્‌માં એમ કથેલ છે કે અમૃતત્વ ધનથી કે સંતતિથી મેળવી શકાતું નથી, પણ એક ત્યાગથીજ મેળવી શકાય છે. આમાં ત્યાગનો અર્થ વૈરાગ્યજ છે. તે વૈરાગ્ય બે જાતનો છે. વસ્તુ શુન્ય (પ્રયોજન વગરનો) અને વસ્તુભૂત (પ્રયોજન વાળો). વસ્તુશૂન્ય વૈરાગ્ય હોય તો તેને માટે જેનું મગજ કીડા ખાઇ ગયા હોય તેવો મનુષ્ય પણ પ્રયત્ન કરશે નહિ, પણ જો વસ્તુભૂત વૈરાગ્ય પ્રાપ્ત કરવાનો હોય તો તેમાં જે ત્યાગ છે તેનો અર્થ મનને બીજા પદાર્થોમાંથી ખેંચી લઇ તેને ઇશ્વરમાં કે આત્મામાં કેંદ્રિત કરવું–એ છે. સર્વનો ઇશ્વર એક અમુક વ્યક્તિવિશેષ હોવો ઘટતો નથી પણ તેને સમષ્ટિરૂપે લેવાનો છે. વૈરાગ્યવાન આત્મા એટલે જીવાત્મા એમ જાણતો નથી, પણ આત્મા એટલે સર્વવ્યાપક, સર્વના અંતરમાં ગમન કરનારો–સર્વાંતર્યામી, અને સર્વના આત્મારૂપે રહેલ સર્વેશ્વર છે એમ નિશ્ચિતપણે જાણે છે. આત્મા સમષ્ટિરૂપે સર્વને પ્રત્યક્ષ છે. આમ હોવાથી જીવ અને ઇશ્વરનો સ્વરૂપથી અભેદ છે; જીવની સેવારૂપી કાર્ય અને ઇશ્વરપર પ્રેમરૂપી કાર્ય એ બંને એકજ–અભિન્ન છે. અહીં ભેદ માત્ર એટલોજ છે કે જીવની જીવબુદ્ધિથી જે સેવા કરવી તેનું નામ દયા છે, પ્રેમ નથી, જ્યારે જીવની આત્મબુદ્ધિથી સેવા કરવી તે પ્રેમ છે. આત્મા પોતેજ પ્રેમનું પાત્ર છે તે શ્રુતિ, સ્મૃતિપરથી પ્રત્યક્ષપણે જાણી શકાય છે. આથી ભગવાન્ ચૈતન્યે સત્યજ કહ્યું છે કે–ઇશ્વરમાં પ્રેમ, અને જીવમાં દયા. આ સિદ્ધાંત પોતે દ્વૈતવાદી હોવાથી જીવ અને ઇશ્વરમાં ભેદ પાડવાથી

ખરો છે, પણ આપણુ અદ્વૈતવાદીઓને જીવને ઇશ્વરથી જુદો માનવો-જીવબુદ્ધિ રાખવી તે કર્મબંધન છે, તેથી આપણુને તો પ્રેમ એજ ગ્રાહ્ય છે, દયા નહિ. મારી માન્યતા પ્રમાણે જીવમાં દયા એ શબ્દની પ્રવૃત્તિ કરવી તે સાહસિક, અને મિથ્યા લવારા જેવું છે કારણકે આપણે દયા કરવાની નથી, પણ સેવા કરવાની છે. આપણે અનુકંપા, અનુભૂતિ રાખવાની નથી, પણ સર્વમાં પ્રેમનોજ અનુભવ-આત્માનોજ અનુભવ કરવાનો છે.

વૈરાગ્યરૂપી પ્રેમનો અનુભવ કે જે સર્વ વિષમતાને ટાળે છે, સંસાર રૂપી વ્યાધિને મટાડનાર દવા છે, પ્રપંચી જગતમાં અવશ્ય થનારા એવા ત્રણ જાતના તાપને દૂર કરે છે, સર્વ વસ્તુનું સ્વરૂપ ખુલ્લું કરે છે, માયારૂપી અંધકારનો નાશ કરે છે અને બ્રહ્માથી તે તૃણપર્યંત દરેક વસ્તુમાં આત્મસ્વરૂપ પ્રકટ કરે છે."

પુનર્જન્મ અને મોક્ષ

પ્ર૦—જો બધા પ્રાણીમાં નિરાકાર પરબ્રહ્મનો અંશ રહેલો છે, તો તેઓને પાપ કરવાથી મુઆ પછી દંડ શા માટે થાય? વળી તે પરબ્રહ્મ સ્વરૂપજ છે તો તેને કર્મ જ્ઞાન ને ભક્તિ કરવાની શી જરૂર?

ઉ૦—શરીર પિંજરામાં અહંસ્ફુરણ ધરનાર જે જ્ઞાન છે તે પ્રત્યેક પ્રાણીઓનું જૂદું જૂદું છે છતાં પણ સર્વનું તત્ત્વ તો એકજ જાતનું છે. જે આત્માની આકર્ષણ શક્તિ અનંત બ્રહ્માંડ અને પૃથ્વીને નિયમમાં રાખી રહી છે તેજ જાતની આકર્ષણ શક્તિ આ શરીરને ચલાવી રહી છે છતાં પણ અહંસ્ફુરણ ધરનારા જ્ઞાનના

આધારે તેને પ્રત્યેક પ્રાણીને શરીર ટકેલુ હોય ત્યાં સુધી સારી નરસી ક્રિયાઓનો દેહ છુટયા પછી ભોગ ભોગવવો પડેજ છે.

મૃત્યુ પછી તે જ્ઞાનમાંથીજ સ્વપ્ન સૃષ્ટિવત્ ભોગદેહ પેદા થઇ કરેલા કર્મોની ભોગસૃષ્ટિમાં યા ભોગદેહની ઇંદ્રિયો વડે તે અહંકારી જ્ઞાનને પંચ વિષયરૂપથી સુખ દુ:ખ ભોગવવાં પડે છે આવી રીતે અનેક રૂપે કરી સુખ દુ:ખ આપનાર છે તેનેજ યમ કહે છે. જેમ બીજમાંથી ઝાડ થાય છે તેમ મૃત્યુ પછી તરતજ જ્ઞાન વિસ્મૃતિરૂપ પડદામાંથી એ કર્મનો ભોગ પ્રત્યેક પ્રાણીના જ્ઞાનની આગળ જેનો તેનો જૂદો જૂદો ઉભો રહે છે.

આવી રીતે ઘણા કાળ પર્યંત પોતાના કર્મોનું ફળ ભોગવી ફરી પોતાના કર્માનુસાર હરેક યોનિમાં જન્મ લેવો પડે છે એને પુનર્જન્મ કહે છે.

બ્રહદારણ્ય ઉપનિષદ અ. ૬ બ્રા. ૪ માં આ બાબત વિશેષ સ્પષ્ટતાથી સમજાવી છે. જેમ એક તણુખલા ઉપર ચાલતી ટોળ તેના છેડે આવી પહોંચતાં બીજા તણુખલાનો આધાર શોધી કાઢી પોતાના અંગને પોતે સંકુચિત કરી બીજા તણુખલા પર ચાલી જાય છે, તેમ જીવ આ શરીરને પડતું મૂકી અવિદ્યારૂપ આવરણથી છવાઇને બીજા આધારને ગ્રહણ કરીને પોતાને સંકુચિત બનાવે છે, તથા જેમ સોની એક સોનાના કકડામાંથી નવી વસ્તુ બનાવે છે તેમ તે પૂર્વપ્રજ્ઞા તથા વાસના તથા આ જન્મમાં મેળવેલાં જ્ઞાન અને કર્મના સંસ્કાર સાથે લઇ જઇ તે અનુસાર નવો દેહ ધારણ કરે છે, જે પુનર્જન્મ કહેવાય છે. જેમ મધમાંખ મધવાળા પુષ્પ તરફ ખેંચાય છે, માંખી તરફ આકર્ષાઇ આવે છે તથા કીડી વાસને આધારે મિષ્ટ

વસ્તુઓ તરફ ગમે ત્યાં વિષ્ટા હોય ત્યાં જાય છે તેમ જીવાત્મા પોતાના પૂર્વ સંસ્કારોથી થયેલ સ્થિતિને અનુકુળ દેહ અને સંજોગો તરફ ઉન્નતિ સાધવા આકર્ષાઈ જાય છે, એને પુનર્જન્મ કહે છે.

ઉ૦—ઉપર કહ્યા પ્રમાણે જન્મ મરણના ફેરા આવે છે તેમાંથી છુટવું એનું નામ મોક્ષ. એ મોક્ષ મેળવવા માટે શરીરમાં રહેલા અહંસ્ફુરણ અથવા દેહીને (શરીર ધારણ કરનારને) કર્મ જ્ઞાન અને ભક્તિની જરૂર છે.

પ્ર૦—કર્મ જ્ઞાન અને ભક્તિ સિવાય મોઢેથી અહંબ્રહ્માસ્મિ વગેરે બોલવાથી જન્મ મરણનો ફેરો દૂર કેમ ન થાય?

ઉ૦—એકલું મોઢેથી **अहम् ब्रह्मास्मि** વગેરે બોલવાથી તથા મ્હારા કર્મો કરવાનું છોડી ન દેવાથી તથા જન સમાજનું કલ્યાણ થાય એવા કર્મો ફલની આસક્તિ રાખ્યા વગર પૂર્ણ ઉત્સાહ અને બળથી ન કરવાથી તથા જગતનું કલ્યાણ કરવાનો પ્રભુનો ધર્મ જાગૃત ન રાખવાથી તથા તે પ્રમાણે ન વર્તવાથી જીવનો છુટકો થતો નથી. અહંબ્રહ્મ ભાવના તુરીયાવસ્થાની છે તે મોઢે બોલેથી ન મલે; અને તે ભાવના અથવા તુરીયાવસ્થા જેવી વૃત્તિની ભાવના જ્ઞાનને (દેહીને) પ્રાપ્ત થવા સારૂં કર્મ જ્ઞાન અને ભક્તિ (ઉપાસના) નો ઉપયોગ કરવો જોઇએ. કર્મજ્ઞાન અને ભક્તિ સંબંધે વિશેષ માહિતી હવે પછીના પ્રકરણમાં આપીશું.

પ્ર૦—શું વેદાંત જ્ઞાનથી દેશનો ઉદ્ધાર થાય એમ છે?

ઉ૦—ગુજરાતમાં અનેક કુમતો બહુ ભયંકર રીતે ફેલાતા જાય છે. થોડાં ઘણાં ભજનો આવડયાં કે એક વ્યક્તિ થોડાક અનુયાયીઓ ભેગા કરી એક કુંડાળું જમાવે છે; જુદાં જુદાં મંદિરો સ્થાપી ત્યાં

વ્હેમ અજ્ઞાનને પોષવાની દીવાલો ઉભી કરાય છે. આથી દેશનું કેમ હિત થશે? અદ્વૈતવાદના સિંહનાદથી દેશમાં ઉથલ પાથલ કરી નાંખી દરેક જણ ખરો વેદાંતવાદી છે એમ જગતને જણાવી દેવું જોઇએ. પોતાના પ્રદેશમાં જો દરેક વ્યક્તિ વેદાન્તવાદની એક પાઠશાળા ચલાવવાનું યોજના કરે જેમાં ઉપનિષદ્ બ્રહ્મસૂત્ર ગીતાનું યથાર્થ શિક્ષણ અપાય, નાના બાળકો બ્રહ્મચર્યનું બરાબર રક્ષણ કરે. તાંત્રિક પંડિતો ઉંચુ માથુ પણ કરી શકે નહિ એવી રીતે ગર્જના કરો. ન્યાયશાસ્ત્રનો બકવાદ કે માલ વગરની ચર્ચાએથી આત્મજ્ઞાન મેળવવામાં શું મદદ મળી શકશે? વેદાન્તસિદ્ધાંતવાદીઓદ્વારા જ્યાં સુધી બ્રહ્મતત્વનુ પઠન પાઠન પ્રચલિત ન બને ત્યાં સુધી દેશનો ઉદ્ધાર કેમ થશે? દરેક વ્યક્તિમાં આત્મસિંહ જાગૃત થતાં આત્મશ્રદ્ધા જાગતાં સ્વરાજ્ય, સામ્રાજ્ય રમત માફક પેદા થશે.

જ્ઞાનદાનજ સર્વથી શ્રેષ્ઠ દાન છે

તે માટે દરેકે તનમન ધનથી પોતાનો ફાળો આપવો એજ સર્વોત્તમ કાર્ય છે.

ગઝલ-પ્રતિજ્ઞા.

અમારા સ્નેહના રસ્તા પ્રભુના પંથમાં વાળીશ
અમોલી જીંદગી મારી પ્રભુના પ્રેમમાં ગાળીશ—અમારા
જીવનના સ્નેહ ઝરણાંને, નડે જે બંધનો મોટાં
અતિબળથી તોડીને હું, સત્યના પંથમાં લાવીશ.—અમારા
દબાએલા ચંપાએલાંને મુકાવીશ દુ:ખ ભારોથી,
ત્રિવિધિ તાપ બળતાંને છોડાવીશ અગ્નિ જ્વાળોથી.—અમાર

ખંડ બીજો

ઈશ્વર

चिदालोचन विच्छिनानन्त चिन्मात्र मूर्तये
स्वानू भूत्ये कमानाय नमः शान्ताय तेजसे ॥

પ્ર૦—આપણો બનાવનાર કોણ

ઉ૦—આપણને ઇશ્વરે પેદા કર્યા. આપણું શરીર ઇંદ્રિયો મન-બુદ્ધિ અને શકિત એ સૌ તેનાથી મળેલાં છે.

પ્ર૦—જીવનનો રચનાર જડ છે કે ચેતન?

ઉ૦—જેની આજ્ઞાથી આ બ્રહ્માંડ નિયમિત ચાલી રહ્યું છે, જેનાથી પૃથ્વી આકાશ તારા સૂર્ય પોતાને સ્થાને બરાબર રહી ગતિ કરે છે, જેનાથી દિવસ રાત વર્ષ અને યુગોનું આવર્તન બરાબર થયા કરે છે, લોકો જ્ઞાની, ધ્યાની, અને દાન કરનાર બની પરમપદ પ્રાપ્ત કરવા લાગે છે તે જડ કેમ હોય? તે તો વેદમાં કહ્યા પ્રમાણે **चेतन श्च चेतनानाम्** સર્વ ચેતનનું ચેતન છે.

પ્ર૦—ત્યારે આપણને પેદા કરનારે શું આ બધી સૃષ્ટિ રચી?

ઉ૦—હા તેજ આ જગતનો કર્તા છે જેમ દરેક ઋતુ આવે છે ત્યારે તેને અનુકુળ ફળ ફુલ પેદા થાય છે અને તે પૂરી થતાં ખરી જાય છે, જેમ મનુષ્યો દિવસે સંસારના કામકાજે હરી ફરી કરે છે અને રાત્રે તે બધાં સંકેલી નિંદ્રામાં લીન થાય છે તેમ આ જગતની ઉત્પતિ ઇશ્વરનો દિવસ છે અને પ્રલયરૂપી રાત્રિમાં તે બધું સંકેલી લે છે.

यतो वा इमानि भूतानि जायन्ते,
येन जातानि जीवन्ति, यत्प्रयन्त्यभिसंविशन्ति
तद्विजिज्ञासस्व तद् ब्रह्म—

અર્થ:—જેના વડે આ સર્વ પ્રાણી ઉત્પન્ન થાય છે, જેની સત્તાથી ઉત્પન્ન થઇને જીવે છે, જેનામાં લય પામે છે તેને જાણવાની ઇચ્છા કરે, તે બ્રહ્મ છે.

પ્ર૦—પરમેશ્વરનાં સ્થાન કયાં કયાં છે?

ઉ૦—પરમેશ્વર જળ, સ્થળ, પૃથ્વી, વાયુ, આકાશ, નદી સમુદ્ર સર્વમાં વ્યાપ્ત છે, તેના સિવાય કોઇ સ્થાન ખાલી નથી. આપણા રોમે રોમ નખ શીખ સુધી સર્વમાં વિદ્યમાન છે પરંતુ આપણા શરીરમાં તેનું મુખ્ય સ્થાન હૃદય છે.

પ્ર૦—પરમેશ્વરના નામ કહો.

ઉ૦—પરમેશ્વરના અનંત નામો છે. કોઇ તેને બ્રહ્મા, શીવ, અગ્નિ, વિષ્ણુ, વિધાતા રામ, કૃષ્ણ. આદીશ્વર, માલીક વગેરે અનેક નામે સંબોધે છે. પરંતુ તેનુ મુખ્ય નામ ૐ છે કે જે પદનો વેદમાં પૂકાર કરેલો છે, જેનો જપ જ્ઞાની પુરૂષો કરે છે જેનું ધ્યાન ભક્તજનો નિરંતર ધરે છે, જે સર્વ વેદનો સાર છે, તે પ્રણવ ૐ નું લક્ષ્ય પરમાત્મા છે. આ પ્રણવ મંત્રનો સદા સર્વદા ઉચ્ચાર કરો.

પ્ર૦—પરમેશ્વરના ગુણ કર્મો શી રીતે જણાય?

ઉ૦—તેનો મુખ્ય ઉપાય શાસ્ત્ર ચિંતન, ભજન, ધ્યાન અને આત્મસમર્પણ છે. ધર્મનાં પુસ્તકો વાંચવાથી તથા સત્સંગ એટલે ઇશ્વરના ભક્તો પાસે બેસવાથી ચિત્ત શુદ્ધિ થતાં તે મનુષ્યનુ હૃદય

પરમાત્માનાં ભજન અને ધ્યાનને યોગ્ય બને છે. પાપ કર્મોથી બચ્યા વગર અને ચિત શુદ્ધિ કર્યા વગર કેવળ શાસ્ત્રાભ્યાસથી ઇશ્વરને જાણી શકાતો નથી.

પ્ર૦—પરમેશ્વરનું સ્વરૂપ કેવું છે. ? અવતાર એટલે શું ?

ઉ૦—જેમ પરમેશ્વરના અનંત નામ છે તેમ તેનાં સ્વરૂપ પણ અનંત છે. તે નિરાકાર નિરંજન હોવા છતાં જ્યારે જ્યારે ધર્મનો લોપ થાય છે ત્યારે ત્યારે ધર્મની મર્યાદાનું સ્થાપન કરવા અધર્મનો નાશ અને ભક્તોનો ઉદ્ધાર કરવા તે કોઇ અતિ ગુણયુક્ત અને જ્ઞાનસંપન્ન શરીર ધારણ કરે છે. એને અવતાર કહે છે.

પ્ર૦—ઇશ્વરને પામવાની શી રીત છે?

ઉ૦—આપણાં સઘળાં કર્મો તેના પ્રીત્યર્થે કરવાં, નિરન્તર તેનું જ ચિન્તન કરવું, મન અને બુદ્ધિ તેને અર્પણ કરવાં, તેની સેવા કરવી અને હમેશાં તેનામાં લીન થઈ જવાય ત્યાં સુધીનો તેની સાથે અનન્ય ભાવ રાખવો એજ એને મળવાનો ઉપાય છે, એજ સર્વ શાસ્ત્રોનો સિદ્ધાન્ત, સર્વ જપ, તપ. તીર્થ, દાન, યોગ અને ક્રિયાનું અન્તિમ ફળ છે, અને એજ વાત સઘળા ઋષિ, મુનિ અને દેવતા કહેતા અને કરતા આવ્યા છે. લૌકિક વ્યવહારમાં આપણા ધર્મનું યોગ્ય પાલન કરવું. પ્રાણી માત્ર પર દયા રાખવી, સર્વની સાથે મિત્રભાવે વર્તવું, દાન કરવું અને મધુર વાણીથી બોલવું એથી અધિક કોઈ બીજી ઇશ્વરની પૂજા નથી.

પ્ર૦—ભજન ધ્યાન કોને કહે છે?

ઉ૦—પરમાત્માના ગુણાનુવાદ ગાવા અને ૐકાર, ગાયત્રી વગેરે મન્ત્રોના જપ કરવા તેનું નામ ભજન છે. ચિત્તને બહારની બાજુથી

બેઠેલા બધું ધર્મોમાં એવી રીતે સમાડ્યું કે તેમાં કોઇ બીજી વૃત્તિ ઉઠવા ન પામે નહિ તેનું નામ ધ્યાન છે.

સવાર સાંજની પ્રાર્થના,

પ્ર૦—એક દિવસમાં ઓછામાં ઓછું કેટલા વખત ભજન ધ્યાન કરવું જોઇએ?

ઉ૦—સામાન્ય મનુષ્યો કે જેઓ અંતઃકરણના દોષો અથવા સંસારનાં કામકાજ રૂપી અંતરાયોને લીધે ઇશ્વરનું ધ્યાન અને ભજન સતત કરી શકતાં નથી તેઓએ ઓછામાં ઓછી બે વખત સવાર અને સાંજે શરીરને શુદ્ધ કરીને કોઇ પવિત્ર સ્થાનમાં બેસી એકાગ્ર ચિત્તથી ઇશ્વરની પ્રાર્થના નીચે મુજબ કરવી.

પ્રાતઃકાળની પ્રાર્થના—હે જગદીશ્વર! હે અન્તર્યામિન્! હે કરૂણાનિધાન પરમાત્મન્! આપને હજારોવાર નમસ્કાર છે. રાતમાં મારાથી—મારાં મન, વાણી, દેહ અને ઇન્દ્રિયોથી—જે કાંઇ અપરાધો થયા છે તે સર્વ ક્ષમા કરજો અને જે વડે કરીને પાપ કર્મમાં પ્રવૃત્ત ન થાઉં એવી શક્તિ આપજો. મારાં સઘળાં અંગો પુષ્ટ અને બળવાન બનો, મારૂં શરીર તેજસ્વી થાઓ, મારી વાણી મધુર ભાષિણી બનો. આ હાથ હંમેશાં આપની સેવામાં તત્પર રહો, આ શરીર હંમેશાં આપના ભક્તોના સંગમાં અને સેવામાં રહો, આ પગ કદી પણ અયોગ્ય અને અપવિત્ર સ્થાન તરફ ન વળો, આ જીભ હંમેશાં જે આપનું પવિત્ર યશોગાન કરો, આ કાન આપના ગુણાનુવાદોનેજ સાંભળો, આ ચિત્ત સદા આપમાંજ આસક્ત બનો અને જે સંસા

સ્યાત્રા આપનાજ પ્રીત્યર્થ હો.તથા નિષ્કામ લોકોપકારક કામોમાં મારૂં મન પ્રેરાઓ.

ॐ शान्तिः शान्तिः शान्तिः ।

આ પ્રાર્થનાની સાથે સંધ્યાદિ કર્મ કરવાં જોઇએ.

સાયંકાળની પ્રાર્થના—હે જગદીશ્વર! જગતના આદિકારણ દીનબન્ધો! આપને હજારો વાર પ્રણામ છે. આપજ મારી માતા છો, આપજ મારા પિતા છો. આપજ મારા બન્ધુ, સખા, ગુરૂ, વિદ્યા, અને ધન પણ આપજ છો, આપજ મારૂં સર્વસ્વ છો. મેં આખા દિવસમાં મારાં મન, વાણી, શરીર આદિથી જે અપરાધ કર્યા હોય તે સર્વ મને ક્ષમા કરો. મારાથી જ્યાં જ્યાં આપની આજ્ઞાનું ઉલંઘન થયું છે તેને ક્ષમા કરો. હું આ રાતમાં આપની કૃપાથી સુખપૂર્વક સુઇ રહું અને દુ:ખથી બચું, જો રાતમાં આ શરીર પડે તો આપના ચરણારવિંદનું ધ્યાન કરતાં શુભ ગતિને પામું, જો આપની કૃપાથી પ્રાતઃકાળમાં ઉઠવાનું બની આવે તો ફરીને આપનાં કાર્યોમાં પ્રવૃત્ત થાઉં એવી શુભ મતિ પ્રેરો.

ॐ शान्तिः शान्तिः शान्तिः ।

આ સાથે સાયં સન્ધ્યા કરવી જોઇએ અને તે સાથે પુરૂષસૂક્ત અથવા કોઇ બીજો પાઠ પણ કરવો.

પ્ર૦—શું ભક્તિ અને જ્ઞાન એ બે જૂદાં જૂદાં છે?

ઉ૦—નહિ અનન્ય ભક્તિ તેજ અભેદ જ્ઞાન. જે પરમ ભક્ત હોય તેજ પરમ જ્ઞાની બની શકે. પ્રભુના ભક્ત પ્રભુ સિવાય બીજું કાંઇ જોઇ શકતાજ નથી, તેમ જ્ઞાનીનો ભેદ ભાવ દુર થઇ તેને જગતમાં જગત બુદ્ધિ ન રહે; તેને આખો પ્રભુજ ભાસે છે. આથી

મોક્ષનો માર્ગ સરળ કરવા બન્ને માર્ગનો સાથે સાથે આશ્રય લેવાની જરૂર છે શુદ્ધ ભક્તિ વિના પરમજ્ઞાન ન થાય. પરમ જ્ઞાનીજ પરમ ભક્ત હોય છે.

પ્ર૦–જ્ઞાનનું લક્ષ્ય શું છે?

ઉ૦–સ્વસ્વરૂપમાં સ્થિતિ એ જ્ઞાનનું પરમ લક્ષ્ય છે. तत्त्वमसि એ મહાવાક્ય વેદોનો સાર છે. તેનો અર્થ એ છે કે, તે તુંજ સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ, સત્યનું પણ સત્ય સર્વનો અન્તરાત્મા છે. અહીં જ્ઞાનની સમાપ્તિ છે.

પ્ર૦–યોગનું લક્ષ્ય શું છે?

ઉ૦–જે પ્રમાણે ભક્તિનું લક્ષ્ય ઇશ્વરરૂપ થઇ જવું અને જ્ઞાનનું લક્ષ્ય ભેદભાવને ટાળી સર્વ જગતને તથા પોતાને ઇશ્વરરૂપ જાણવું એ છે તેજ પ્રમાણે યોગનું લક્ષ્ય ચિત્તવૃત્તિનો નિરોધ કરીને સ્વ-સ્વરૂપમાં સ્થિત થવું એ છે. વસ્તુતઃ ભક્તિ, જ્ઞાન અને યોગ ત્રણેનું લક્ષ્ય એકજ છે. અર્થાત્ ભેદને ટાળવો અને તદ્રુપ થવું, આટલા માટે જે સાચો ભક્ત છે તેજ સાચો જ્ઞાની છે. તેજ સાચો યોગી છે. ભક્તિ અને યોગ વિના જ્ઞાન થતું નથી એ સિદ્ધાન્ત છે.

પ્ર૦–જ્યારે ઇશ્વર એક, કરૂણામય અને ન્યાયકારી છે ત્યારે જગતમાં સુખ અને દુઃખ કેમ વર્તે છે?

ઉ૦–સુખ દુઃખ પ્રાણીઓના કર્માનુસાર આવી લાગે છે. ઇશ્વર તેનું સામાન્ય કારણ છે જ્યારે વિશેષ કારણ તો તેના પુર્વના સંસ્કાર અને પુરૂષાર્થ છે. જેવી રીતે વરસાદનું પાણી ફળ, ફુલ અને પાંદડાંની ઉત્પત્તિ, સ્થિતિ અને વૃદ્ધિનું સામાન્ય કારણ છે અને જમીનને ખેડનાર અને દરેકનાં બી વાવનાર તેનું વિશેષ કારણ છે તેવીજ વ્યવસ્થા જગતની પણ છે. આવી વિષમતા અનાદિકાળથી ચાલી આવી છે. એટલા માટે ઇશ્વરમાં દોષનું આરોપણ કરવું એ સર્વથા અનુચિત છે. તે તો કેવળ [illegible] છે.

પ્ર૦—જ્યારે ઇશ્વર એક છે ત્યારે આ જોવામાં આવે છે તે મતભેદ અને સંપ્રદાય ભેદ કેમ છે?

ઉ૦—તેનું કારણ કેવળ અજ્ઞાન અને પક્ષપાતીપણું છે. વેદમાં શૈવ, વૈષ્ણવ આદિ કોઇ સમ્પ્રદાય ભેદ નથી. પ્રાચીન શાસ્ત્રોમાં એક અદ્વિતિય બ્રહ્મનિષ્ઠાજ સર્વ ધર્મનો અન્ત–વેદાન્ત છે એમ કહેવામાં આવ્યું છે, હાલ જોવામાં આવતાં દ્વેષ, દ્રોહ, પૂજા, તિલક, માળા, ભેદાભેદ વગેરેનું અથવા તેમનાં નામમાત્રનું પણ તેમાં નામ નિશાન નથી. ભારતાદિ શાસ્ત્રોમાં પણ એ સમ્પ્રદાય–ભેદ જોવામાં આવતો નથી પરંતુ જેમ કૃષ્ણ ભગવાન, ભગવાન શંકરના ભક્ત હતા તેવીજ રીતે ભગવાન શંકર પણ કૃષ્ણને માનતા હતા. અત્યારે પણ આપણું કલ્યાણ ભેદભાવ દૂર કરવામાં અને એક અદ્વૈતનિષ્ઠા રાખવામાંજ છે. એ મતપંથના ઝઘડાઓ દૂર કર્યા વગર મનુષ્યોની ધાર્મિક તેમજ સામાજિક ઉન્નતિ કદિ પણ થશે નહિ.

દોહરા.

પ્રભુનાં બાળકો પ્યારાં, પ્રભુરૂપ સૌ મુને ભાસે,
વિવિધ દુઃખે દળાતાંતે, વિલોકી આત્મ મુજ ત્રાસે,
નથી ત્યાં ભાન ધર્મોનું, નથી રીતિ નીતિની જ્યાં
દઇ હું જ્ઞાન પ્રિતમનું, નીવારૂં દુઃખ વ્યસનોને.
જીવનના અંતરાયો જાતાં, પ્રભુ રૂપ તે ફરી થાશે,
સકળ દુખો વળી જાશે, કરૂં હું સેવ એ રીતે.
પ્રભુને અંતરે ધારૂં, વળી બાહેર નીહાળું,
કરીએ જગતની સેવા, મને એ પ્રાણથી પ્યારૂં,
જીવનમાં સુખ જો હોયે, મને સુખ સેવમાં દેશો.
જગતના તાપના બોજા અમારા શીરપર ધરશો,

મનુષ્ય

પ્ર૦—મનુષ્ય એટલે શું?

[illegible] દેહધારી, કર્મના [illegible] પ્રાણીને મનુષ્ય કહે છે.

પ્ર૦—મનુષ્ય શાનો બનેલો છે?

ઉ૦—૧ શરીર, ૨ ઇંદ્રિયો, ૩ મન, ૪ પ્રાણ, ૫ ચેતન અને ૬ આત્માથી મનુષ્ય બને છે.

પ્ર૦—શરીર શાનું બનેલું છે?

ઉ૦—પંચભૂતોનું. તેની સમજણ નીચે મુજબ છે.

પંચ મહાભૂત.	કયા કયા ગુણનો કોની સાથે સંબંધ છે.		
પૃથ્વીથી	ગંધનો	નાકની સાથે	પાંચ જ્ઞાનેન્દ્રિયો
જળથી	રસનો	જીભની સાથે	
અગ્નિથી	રૂપનો	આંખની સાથે	
વાયુથી	સ્પર્શનો	ચામડીની સાથે	
આકાશથી	શબ્દનો	કાનની સાથે	

પ્ર૦—કર્મેન્દ્રિયો એટલે શું?

ઉ૦—હાથ, પગ, ગુદા ઉપસ્થ (પ્રજા પેદા કરવાનું સ્થાન) વાણી એ કર્મેન્દ્રિયો છે.

પ્ર૦—[illegible]?

ઉ૦—ચેતનની સંકલ્પ વિકલ્પાત્મક શક્તિને મન કહે છે, આ શક્તિ જ્યારે નિશ્ચયાત્મક બને છે ત્યારે બુદ્ધિ કહેવાય છે; જ્યારે તે ચિંતન કરે છે ત્યારે ચિત્ત કહેવાય છે અને અહંભાવ રૂપ બને છે ત્યારે અહંકાર કહેવાય છે.

પ્ર૦—પ્રાણ કોને કહે છે.

ઉ૦—શરીરને ચલાવનાર ચેતનની ક્રિયાત્મક શક્તિને પ્રાણ કહે છે. જ્યારે વાયુ હૃદયમાંથી નીકળી બહાર આવે છે ત્યારે તે પ્રાણ વાયુ કહેવાય છે.

પ્ર૦—એ ઉપરાંત મનુષ્યમાં રહેલ ચેતન અને ઈશ્વર એટલે શું?

ઉ૦—જે જીવરૂપે ઈશ્વરનું પ્રતિબિંબ શરીરમાં રહે છે તે ચેતન કહેવાય છે.

અને ઈશ્વર સર્વનો સાક્ષી હૃદયમાં રહેલો છે.

सर्वस्य चाहं हृदि सन्निविष्टो मत्तः स्मृतिर्ज्ञान मपोहनं च।

ગીતા અ. ૧૫-૧૫.

પાપકર્મ કરતી વખતે આ અંતર્યામી ઈશ્વર આપણને અંતરાત્માના અવાજ તરીકે ચેતાવે છે, અને મનને ખિન્ન કરે છે સારા કામો થતાં તેના વડે જ મન શાંત અને પ્રસન્ન રહે છે.

શરીર ધરનાર જીવાત્મા.

પ્ર૦—જીવાત્મા કોને કહેવો.

ઉ૦—જીવ ઈશ્વરનો અંશ, શરીરમાં અહંભાવ ધારણ કરી પુણ્ય પાપનો ભોગવનાર થાય છે તથા સ્થુલ સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહ અને જાગ્રત, સ્વપ્ન તથા સુષુપ્તિ અવસ્થાઓ અનુભવે છે. તે પ્રાણ ધારણ કરનાર જીવાત્મા કહેવાય છે.

પ્ર૦—મૃત્યુ એટલે શું?

આ જીવાત્માનું સ્થુલ શરીર રહેવા માટે નાલાયક બનતાં છુટી જાય છે તેનું નામ મૃત્યુ.

પ્ર૦—મૃત્યુ પછીના જન્મમાં આ જીવાત્મા કેવો દેહ ધારણ કરે છે?

ઉ૦—જો પુણ્ય કર્મો વધારે હોય તો તે સારા કુળમાં આયુષ્યવાન દેહ ધારણ કરી દેવપદ સુધી પહોંચી શકે છે; જો પાપકર્મ વધારે હોય તો નીચયોનિમાં વાસના અનુસાર જન્મવું પડે છે. જો અતિશય નીચાં કર્મો હોય તોજ પશુ આદિ યોનિમાં જન્મવું પડે છે.

વર્ણાશ્રમ ધર્મ.

પ્ર૦—હિંદુની મુખ્ય વર્ણ કટલી?

ઉ૦—ચાર—બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર.

પ્ર૦—દરેક વર્ણનાં કર્તવ્ય કહો.

ઉ૦-ભણવું, ભણાવવું; યજ્ઞ કરવો; કરાવવો; દાન લેવું. દાન આપવું એ ૭ બ્રાહ્મણના કર્મો છે. શાસ્ત્ર ભણવું, યજ્ઞ કરવો, દાન આપવું અને પ્રજાપાલન કરવું એ ચાર ક્ષત્રિના કર્મો છે.

શાસ્ત્ર ભણવાં, દાન દેવું, યજ્ઞ કરવો, ખેતી, વ્યાપાર અને પશુનું પાલન કરવું એ ૭ કર્મો વૈશ્યોના છે.

સેવા ધર્મથી ઉન્નતિ માટે કરવાનું શુદ્રોનું કર્મ ગણાતું.

પ્ર૦-પહેરવા માટે કપડાંનું કામ કોણ કરતું?

૫૦—ક્ષત્રિય સિવાય દરેક વર્ણ પોતાના કપડાં વણી લેતું.

બ્રાહ્મણો સ્વાર્થત્યાગી હોવાથી આજની માફક ઝીણાં ભપકા-દાર કપડાં કદી પહેરતા નહિ. તેઓ તો ઝાડની છાલના રેસામાંથી વલ્કલ જાતે બનાવી પહેરતા, અને તે પણ જરૂર કરતાં વધારે નહિ. આજે તો બ્રાહ્મણો અને ઉપદેશકો ભપકાદાર અને પરદેશી કપડામાં ફરે છે. જેમનો કપડાંનો મોહ છુટયો નથી તે બ્રાહ્મણ કે ઉપદેશક કેમ કહેવાય? પૂર્વના બ્રાહ્મણો જાતે સાદા રહી બીજી બધી વર્ણોને સંતોષી રાખી નિયમમાં રાખતા જે કોઇ પરદેશી કે ભપકાદાર ઝીણાં કપડાં પહેરી ઉપદેશ કરવા નીકળે તે ધર્મની પ્રથમ પરીક્ષામાંજ નાલાયક હોવાથી નાલાયક છે. આવા ઉપદેશક અને બ્રાહ્મણો દેશને નુકશાનકર્તા છે એમ પૂર્વની સ્થિતિ સરખા વતાં સહેજે માલૂમ પડશે. બાહેરનો મેલ જે કાઢી શકતા નથી, જે જાડાં ખાદીનાં કપડાં પહેરવા જેટલું પણ તપ (?) કરી શકતો નથી તે બ્રાહ્મણ કે ધર્મોપદેશક કે ગુરૂ બીજાનું શું કલ્યાણ કરશે? બ્રાહ્મણ કે ગુરૂ તો પોતાના ઉપદેશથી નહિ પણ પોતાના વર્તનથી પોતાના પોશાકથી (વલ્કલ કે જાડી ખાદીથી) પોતાના ધર્મ પાલનથી, સેવા ધર્મથી, પોતાના ત્યાગ અને સંયમથી સમસ્ત દેશ ઉપર કાબુ રાખી ધર્મને માર્ગે ચલાવી ઉન્નત કરતા અને તેથીજ તેમનુ વચન કોઇ ઉથામતું નહોતું. આજે જો ઉપદેશકો, ગુરૂ અને બ્રાહ્મણો તેમ નહિ કરશે તો તેઓ ધઉંમાંના કાંકરા માફક વીણાઈ ઉડી જશે.

૫૧—પહેલાંના ચારે વર્ણ એક બીજા સાથે સંપીને રહેતી

ઉ૦–ઋગ્વેદમાં શ્લોક છે કે **संगच्छध्वं संवदध्वं संवो मनांसि जानताम्** તે મુજબ દરેક જણ પરસ્પર મળી હળીને વાત કરતા દરેકના મનના વિચાર એક બીજાને જણાવી ભેદભાવ ભાગતાં. વિરાટ સ્વરૂપ પરમાત્માના આ ચારે વર્ણ અંગ છે. જેમાંથી એક છુટું પડતાં ખોડ આવે છે એમ જાણી બ્રાહ્મણ આદિ વર્ણ એક બીજાના હિત માટે પરસ્પર જોડાતાં. ફક્ત અધર્મ અને અધર્મીઓનેજ છુટા પાડવામાં આવતાં. બ્રાહ્મણોને ઘણું દાન મલતું પણ તે ગરીબોને વ્હેંચી દઈ પોતે તેમજ પોતાના કુટુંબને સાદાઈમાં રાખી કંદ મૂળ ખાઈ વલ્કલ પહેરી ઈશ્વર ચિંતન અને સમાજના હિત માટે બધો કાળ ગાળતા. આવી ઉત્તમ વર્ણવ્યવસ્થા કોઈ જગ્યાએ નથી. હવે નાના જ્ઞાતિવાડા તોડી ચાર વર્ણ તત્કાળ થવી જોઈએ.

આશ્રમ વ્યવસ્થા.

પ્ર૦–પ્રાચીન સમયમાં આશ્રમ વ્યવસ્થા કેવી હતી ?

ઉ૦–પ્રાચીન સમયમાં આશ્રમ વ્યવસ્થાનું આદર્શ ચિત્ર તૈયાર કરાવી આ સાથે જોડેલું છે તેનું વર્ણન કરવાથી આપણા પૂર્વજોની દેશહિતકર તથા પરલોકનું સાધન કરનારી આશ્રમ વ્યવસ્થા બહુજ સરળતાથી સમજાશે.

૧. ચિત્ર પહેલામાં બ્રહ્મચર્યાશ્રમ બતાવ્યો છે. તેમાં બાળકને ૮ થી ૧૧ વર્ષની ઉમ્મર સુધીમાં યજ્ઞોપવિત સંસ્કાર કરાવી શાંત,

સાદા, બ્રહ્મનિષ્ટ અને વ્યવહારની દરેક કળા જાણનાર ઋષિના આશ્રમે વિદ્યાભ્યાસ માટે મોકલતા. આવા ઋષિઓ શાસ્ત્રો ઉપરાંત અન્ય વર્ણોને જરૂરી એવી બધી વિદ્યા પણ જાણતા અને દરેક બાળકના ધર્મને લાયક એવી કેળવણી બાર વર્ષ પર્યંત આપતા. તેથી આજની માફક ફક્ત નોકરી કરવા લાયક, પરતંત્ર અને નેકટાઈને બુટના પૈસા માટે ફાંફાં મારતા અલ્પ આયુષી, હાડકાના માળા જેવા પુરૂષો નહિ પણ સ્વતંત્ર, સર્વશક્ત, અને બળબુદ્ધિશાળી યુવકો પેદા થતા. તેઓએ ભારતની કીર્તિ દુનિયાના ચારે ખુણે પસરાવી હતી. ચોવીસ વર્ષ સુધી મન, વાણી ને કર્મથી બ્રહ્મચર્ય પાલન કરેલું હોવાથી સો વર્ષ તેઓ સુખેથી જીવી શકતા. આજની માફક જનોઇ દઇ તરતજ વિવાહ કરી જેમ બાળકના મસાણના લાકડાની તૈયારીરૂપ લગ્ન થાય છે તેમ તે વખતે નહોતું થતું.

સૌથી પ્રથમ વિદ્યાભ્યાસ અને ૨૪ વર્ષ પછી લગ્ન એ સ્વાર્થ કે પરમાર્થની રીતે જરૂરનું છે તે મુજબ કરવું એ સુધારો નથી પણ સનાતન ધર્મ છે તેમ ન થતાં પ્રજા નિર્માલ્ય અને સ્વરાજ્ય ભોગવવા નાલાયક બને છે. માટે **આ પ્રથમાશ્રમ સૌથી પહેલાં સુધારો.**

ગૃહસ્થાશ્રમ.

૨. આવા બ્રહ્મચારીઓને પોષવા માટે ગૃહસ્થાશ્રમમાં રહેલી માતાઓ છુટે હાથે દાન આપતી. શરૂઆતમાં ગુરૂ અને બ્રહ્મચારી સાથે ભીક્ષા માંગવા જતા, પછીથી ફક્ત બ્રહ્મચારી જતો. તેમને સ્ત્રીઓ આનંદથી તત્કાળ અન્નનું ઉદારતાથી દાન કરતી. આજે જેમ બાવા, ફકીર અને સંન્યાસીના વેશમાં કાંઈ પણ જ્ઞાન સિવાય કે સેવા

કર્યા સિવાય આળસુ લોકો ફરે છે અને તેને ભોળપણમાં વ્હેમથી કે અંધશ્રદ્ધાથી દાન આપે છે તેમ તે વખતે અપાતું નહિ. અપાત્રને તો મુઠી અનાજ ન મલતું. દાન આપવા લાયક કોઈ ન મળે તો દાનનું અનાજ જુદું રહેવા દેતાં. અયોગ્ય દાનથી તો બદમાસો, આળસુ હરામખોરો વધી દેશનું સત્યાનાશ વળે છે એ તેઓ સારી રીતે સમજતા.

૩ ગૃહસ્થાશ્રમી પુરૂષ પૈસાનું દાન બહુજ વિચારીને કરતો. સ્વાર્થત્યાગી ઉપદેશકો અને સેવા ધર્મને પોષનાર સંસ્થાઓમાં જાતે જઈ છુટથી વિનયપૂર્વક પ્રાર્થના કરી દાન દેતો, કારણ કે તે જાણતો કે એ રીતેજ દેશનું ભલું કરી શકાય એમ છે. અને જે દેશનું ભલું નથી થતું તેમાં તે રહેનાર વ્યકિતને પણ નુકશાન છે માટે ઉપદેશ અને સેવા ધર્મને પોષવામાં દરેક ગૃહસ્થ પોતાની આવકનો દશમો ભાગ કાઢતો. જે માણસ આવી રીતે દશમો ભાગ દાનમાં નથી વાપરતો તે એકલપેટો નીચ સ્વાર્થી અને ધર્મનો અનધિકારી ગણાતો. તેથી ઉપદેશ અને સેવા ધર્મ સારીરીતે પોષાઇ, સતેજ થઈ હિંદનું અને જગતનું સતત કલ્યાણ થતું. આજે ખ્રિસ્તિ લોકો દશાંશ કરતાં પણ વધારે કાઢી પોતાના ધર્મના ઉપદેશ અને સેવા ધર્મને પોષી પ્રથમ પોતાનો ધર્મ અને પછી રાજ્ય દુનિયામાં ચારે ખુણે ફેલાવી રહ્યા છે. મુસલમાનો આ દશાંશને જકાત કહે છે એમ દરેક જણ દશાંશ ધર્મ માટે કહાડે છે. હિંદુ લોક તેમ હાલ નથી કરતા, તેથી આજ તેની દુર્દશા થઇ છે. આ કથન સત્યજ છે કે

જ્યાં પ્રેમ ધર્મનો જળહળે, ત્યાં દાન તમે દીધાં નહિ,
ઉપદેશ ધર્મ રઝળાવતાં, સ્વાર્થ નાશ જોયો નહિ.

ઉપદેશ ધર્મને સચવાવતાં જરૂર સ્વાર્થનો પણ નાશ થાય છે માટે તેને દશાંશ ધર્માદાથી તમારે માટે, તમારા બાળકો માટે, દેશને માટે, ધર્મને માટે સતેજ કરો.

આવીરીતે સશક્ત આનંદમય ગૃહસ્થાશ્રમ ૨૫ વર્ષથી શરૂ કરી બીજાં ૨૫ વર્ષ ભોગવી તે ગૃહસ્થાશ્રમી ૫૦ વર્ષે પત્નિ સાથે કે એકલો વાનપ્રસ્થ દીક્ષા લેતો.

વાનપ્રસ્થાશ્રમ.

વાનપ્રસ્થાશ્રમમાં ચિત્ર ૧માં બતાવ્યા મુજબ તે બ્રહ્મચારીઓને ધર્મ અને દેશને માટે તૈયાર કરવામાં ૨૫ વર્ષ ગાળતો અથવા તો દેશેદેશ ધર્માચરણ કરી લોકોને ઉપદેશ આપી જુદા જુદા પ્રાંતોની માહિતી અને ઉત્તમ રીતીઓ બતાવી દરેક સુખમાં રહે એવી વ્યાખ્યાનદ્વારા ચિત્ર ૪માં બતાવ્યા મુજબ શીખામણો આપવાને આખા હિંદમાં ફરતો આ રીતે આખો દેશ કર્તવ્ય અને ધર્મ ભાવનાથી જાગૃત રહેતો. તે અધર્મી ઢોંગી અને બદમાશોને નીડરતાથી જ્યાં જાય ત્યાં ઉઘાડા પાડતો, દરેક ગામે તેનું સન્માન અને પોષણ થતુંજ.

સંન્યસ્ત દશા.

ઉપર મુજબ નિષ્કામ કર્મયોગ પ્રાપ્ત કરી સંન્યસ્ત દીક્ષા તે લેતો અને તેનું કર્તવ્ય પ્રથમ ભાગમાં પરમ તત્વનું સતત ચિંતન કરતાં જે ઉત્તમ અગમ્ય જ્ઞાન તેને મળે તે અધિકારી જનોને ચિત્ર ૫માં બતાવ્યા મુજબ આપવાનું રહેતું. આ બધા પછી મન ઇન્દ્રિયો વિરામ પામી સતત બ્રહ્મધ્યાનમાં તે જીવન ગાળે છે અને શરીર છુટતાં મોક્ષને પામે છે. અહો ! આવી ઉત્તમ પ્રણાલિકા જે દેશમાં હતી

તેની શી દશા છે તે જુઓ. તે આશ્રમ ધર્મની ભરત ભૂમિમાં હજારો ખ્રિસ્તી ઉપદેશકો લોકોને પરધર્મનો ઉપદેશ આપી હિંદુ મટાડી ખ્રિસ્તી બનાવવા ફરે છે, અને દાનમાં આવેલ પૈસો છુટથી વેરે છે. આજે એક પણ વ્યવસ્થાસરની ઉપદેશક અને સેવાની સંસ્થા નથી ને હોય તો દાન અને કામ વગર બેહાલ બને છે. બંધુઓ સમજી જાગૃત થાઓ, ઉઠો તમારો ધર્મદાનો દશાંશ યોગ્ય રસ્તે વાપરી ધર્મ જાગૃત કરો.

સંસ્કાર.

जन्मना जायते शूद्रो संस्कारात् द्विज उच्यते ।

જન્મતાં પ્રત્યેક શુદ્ર હોય છે સંસ્કાર વડેજ દ્વિજ થાય છે.

પ્ર૦—સંસ્કારનું શું પ્રયોજન?

ઉ૦-મનુષ્યને શુદ્ધ કરનાર વૈદિકકર્મો તેનું નામ સંસ્કાર. આ સંસ્કારો વડેજ મનુષ્ય શુદ્ધ બની આ લોકમાં અને મૃત્યુ પછીની સ્થિતિમાં સુખ મેળવે છે.

પ્ર૦—સંસ્કારોનાં નામ કહો.

ઉ૦—ગર્ભાધાન, પુંસવન, સીમંત, જાતકર્મ, નામકરણ, નિષ્ક્રમણ, અન્નપ્રાશન, ચુલકર્મ, કર્ણવેધ, ઉપનયન, વેદારંભ, સમાવર્તન, સ્નાન, વિવાહ, અગ્નિપરિગ્રહ અને અંત્યેષ્ટિ એ સોલ સંસ્કારો જન્મથી અંત સુધીને માટે છે.

ગર્ભાધાન-સંસ્કારમાં બતાવે છે કે પુરૂષ અને સ્ત્રીની શકિત ફકત ગર્ભ ધારણ કરવા માટેજ વાપરવાની છે. નિરર્થક કામવિકાર સંતોષવા અને આત્મબળનો ક્ષય કરવા ન વાપરવી. અને એવી રીતે વાપરતાં સંસ્કાર સુખરૂપ દુઃખ વગરનો અને બળવાળો બનેછે.

પુંસવન અને **સીમંત** સંસ્કાર માતા થનાર સ્ત્રીને પોતાની જોખમદારીનું પોતાના ગૌરવનું ભાન કરાવવા માટે છે. તેણે બ્રહ્મચર્ય પાળી પવિત્ર થઈ સદ્વિચારનું સેવન કરવું જેથી પ્રજા સારી થઈ આજે જેમ છોકરાંઓ ઘરને કલેશ કકાશમય બનાવે છે તેમ ન બને. ગર્ભીણી સ્ત્રીને કલેશ વગરની શાંત મનવાળી પ્રસન્ન રાખવાની પતિ તેમજ બીજાઓની પોતાના સંતાનના સુખને માટે ફરજ છે!

જાતકર્મ-બાળક જન્મતાં તે સંસ્કાર થાય છે. સુવાવડમાં માતા અને બાળકને સ્વચ્છ કપડાં અને બીછાનું આપવું જોઇએ, નહિ તો ગંદા ચીથરા વગેરેથી રોગ લાગુ પડે છે જે પાછળથી ગમે તેટલી દવા કરતાં મટી શકતો નથી. શુદ્ધ હવા ત્યાં જાય તેમ કરવું.

નામકરણ અને **ચુલકર્મ** બાળકનું નામ પાડવા તથા પાંચ વર્ષે માથેથી વાળ ઉતરાવવા માટે કરાય છે.

ઉપનયન સંસ્કાર બાળકને વિદ્યાભ્યાસ કરાવવા માટે બ્રહ્મચર્યની રક્ષા માટે કરાય છે તથા બાર વર્ષ પછી વિદ્યાભ્યાસ કરી પાછો આવતાં **સમાવર્તન** સંસ્કાર થાય છે. આજે તો આ સમાવર્તન સંસ્કાર ઉપનયન પછીની બાર ઘડીમાં કરવામાં આવે છે. અને પરિણામે અલ્પઆયુષ, દુઃખ અને પરતંત્રતા આવેલી છે.

સ્વતંત્રતા કોઇની આપેલી નથી આવતી, જે લાયક નથી એને સ્વતંત્રતા ન હોય. બારવર્ષ વિદ્યાભ્યાસ પછીજ સમાવર્તન સંસ્કાર

અને વિવાહ હોય આ એકજ સંસ્કારના ગોટાળાથી હિંદુકોમના બળનો નાશ થવા આવ્યો છે. તે ફરી પૂર્વ માફક કરો.

વિવાહ—બરાબર પુખ્ત વયે પહોંચેલા શાસ્ત્રોમાં કહેલા મંત્રો બોલી શકે અને પ્રતિજ્ઞાનું મહત્વ સમજી શકે એવી ઉમર અને સમજણ આવેલી કન્યા અને વરના કંઈ પણ બળાત્કારે લીધા સિવાય લગ્ન કરવામાં આવે એ વિવાહ સંસ્કાર કહેવાય છે.

આ બધા સંસ્કારોમાં ભાવના મુખ્યજ છે તે પ્રમાણેનું આચરણ સમજણ અને તેમ વર્તવાની દૃઢ ઇચ્છા એ અવસ્ય હોય તોજ સંસ્કાર ફળે છે. ફકત શુષ્ક ક્રિયાઓ, નકામો ઠાઠમાઠ અને ભપકો બતાવનાર ખર્ચો નહિ પણ શાસ્ત્ર આજ્ઞાનું યથાવિધિ પાલનથીજ કલ્યાણ થાય છે.

પ્ર૦—આવી શાસ્ત્રસંપન્ન પ્રણાલિકા કરવાની શરૂઆત કોણ કરે?

ઉ૦—પ્રત્યેક જેની ખાત્રી થાય તેણે જરૂર કરવી જોઇએ, નહિ તો તે પાપ ગણાય. દરેક ન્યાતના પ્રતિષ્ઠિત પુરૂષો જેના હાથમાં નાતને આગળ વધારવાની જવાબદારી છે તે બધાએ પોતાની જોખમદારી સમજી પ્રથમ વર્તવું અને બીજાં તેમ કરશે. જો તેમ તે નથી કરતા તો તેઓ ખરેખરા મોટા અપરાધી બને છે. લગ્નમાં વરઘોડામાં, વાજાં, આતશબાજી વગેરેમાં જે દ્રવ્ય ખર્ચાય છે તેટલું કે તેથી અડધું ઉપદેશક અને સેવાધર્મની વૃદ્ધિ માટે ખર્ચે તો એકદમ ભારે સુધારો થયા વિના રહે નહિ. લગ્નનું નકામું ખર્ચ તથા વગર વિચારે કર્તવ્ય વગરના, વિદ્વતા વગરનાને દાન દેવાનું કયા શાસ્ત્રમાં લખ્યું છે? એથી તો આળસ, જડતા, અવિદ્યા વધે છે અને નિષ્કામ કર્મ માર્ગ અને વિદ્યા નાશ પામે છે.

અંત્યેષ્ટિ સંસ્કાર.

દેહને શાસ્ત્રવિધિ પ્રમાણે અગ્નિદાહ કરવો તેને અંત્યેષ્ટિ સંસ્કાર કહે છે. મૃત્યુ પછી જે રોવા કુટવાનું ચાલે છે તે જીવાત્માને બંધન કરતા તથા ત્રાસ કરતા છે તથા પાછળ રહેલાંઓને પણ નુકશાન-કારક છે. માટે રોવા, કુટવાનું તથા કારજે જમવાનું બંધ થાય તે સારું.

શ્રાદ્ધ

પ્ર૦—શ્રાદ્ધ કોને કહે છે?

ઉ૦—જે શ્રદ્ધાથી કરવામાં કે આપવામાં આવે તે શ્રાદ્ધ.

શ્રાદ્ધના છ પ્રકાર છે: જે હંમેશાં કરવામાં આવે છે તેને નિત્ય શ્રાદ્ધ, જે દરેક પર્વે એટલે પ્રત્યેક અમાસ અને પૂનેમને દિવસે કરવામાં આવે છે તેને પર્વણ, જે પ્રત્યેક માસે કરવામાં આવે તેને માસિક, જે એક વ્યકિતને ઉદ્દેશીને કરવામાં આવે છે તેને એકોદ્દિષ્ટ, જે કોઇ શુભ કર્મની શરૂઆત કરતા પહેલા કરવામાં આવે છે તેને નાન્દી મુખ અને જે શ્રાદ્ધ તીર્થમાં કરવામાં આવે છે તેને **તીર્થશ્રાદ્ધ** કહે છે.

પ્ર૦—શ્રાદ્ધ મરેલા પિતૃનું કરવું કે જીવતાનું?

ઉ૦—મનુ આદિ ઋષિયોના અભિપ્રાય પ્રમાણે એ શ્રાદ્ધ કેવળ મરી ગએલાઓને માટેજ કરવું જોઈએ. જીવતાં માબાપ વગેરેની સેવા કરવી એ તો સત્પુત્રોનો ધર્મજ છે. તેને શ્રાદ્ધ કહી શકાય નહિ. પોતાના માતા પિતા વગેરે મૃત સગાં સંબંધીઓને ઉદ્દેશીને જે આપવામાં આવે છે તેનેજ શ્રાદ્ધ કહે છે.

પ્ર૦—શ્રાદ્ધની શી વિધિ છે?

ઉ૦—શ્રાદ્ધમાં પિતૃઓનું આવાહન કરીને તેમનું આચમન, ગંધાદિ વિધિથી પૂજન કર્યા પછી બ્રાહ્મણોને ભોજન કરાવવામાં આવે છે. મનુની એવી આજ્ઞા છે, કે શ્રાદ્ધમાં શ્રોત્રીય અને વિદ્વાન બ્રાહ્મણનેજ ભોજન કરાવવું જોઈએ.

પ્ર૦ હાલમાં કે પ્રમાણે વર્તાય છે?

ઉ૦—હાલ અવિદ્યાને લીધે પ્રેતકર્મમાં અને શ્રાદ્ધમાં કુપાત્રોને નકામું દાન બહુ કરવામાં આવે છે. ઘણા બ્રાહ્મણોને અને તીર્થના પંડયાઓ કે જેમને દાન કરવામાં આવે છે તેઓ કેવળ નિરક્ષર હોય છે. જે જે વસ્તુ અહીં આપવામાં આવે છે તે પરલોકમાં મળે છે એવી માન્યતાને લીધે એ રીત એટલી બધી હદ સુધી વધી ગઈ છે, કે અફીણ, ચીંકણી, ગંજીફા, બાજી વગેરે અનેક શાસ્ત્ર વિરૂદ્ધ વસ્તુઓનું પણ દાન કરાયછે. આ રિવાજ એકદમ બંધ થઈ જવો જોઈએ અને શાસ્ત્રમાં શ્રાદ્ધની જે પ્રમાણે વ્યાખ્યા કરવામાં આવી છે તેને અનુસરીનેજ શ્રાદ્ધ થવું જોઇએ. શ્રાદ્ધથી આપણને આપણા પૂર્વજોની સ્મૃતિ સદાને માટે કાયમ રહે અને વર્તમાન સમયના વિદ્વાનોનું પાલન થાય. જો આ ઉદ્દેશને લક્ષમાં રાખીને તે કરવામાં આવે નહિ તો તે કરવું નકામું છે. શ્રાદ્ધ જરૂર કરો પણ તેમાં મૂર્ખાઓને અથવા જે લોકો ઘેર ઘેર ખાતા ફરે છે તેવા નિરુદ્યમીઓને જમાડવામાં આવે નહિ એ વાત ખાસ કરીને હંમેશાં ધ્યાનમાં રાખો.

સંપ્રદાયો અને તેનું સ્વરૂપ.

પ્ર૦—સંપ્રદાય એટલે શું?

ઉ૦—**गुरुपरंपरागत सदुपदिष्ट व्यक्तिसमूहः संप्रदायः।** હિંદુધર્મની જ્ઞાન, ભક્તિ અને ક્રિયા એ ત્રણ મુખ્ય શાખાઓ છે. આ ત્રણ શાખાઓ સમાજ વા વ્યક્તિમાં અધિકારને અનુસરીને પ્રવર્તે છે અને તેમાં પ્રવૃત્ત થવાની પદ્ધતિ આત્મદર્શન પામેલા તત્વજ્ઞાની મહાપુરૂષો વડે યોજાય છે. આમ જ્ઞાન, ભક્તિ અને કર્મ એ ધર્મની ત્રણ શાખાઓની પદ્ધતિ ગુરૂપરંપરાએ ઘડાતી ચાલે અને શિષ્યવર્ગ તેને અનુસરે એટલે તે સંપ્રદાય બને છે.

પ્ર૦—હિંદુધર્મમાં પ્રચલિત મુખ્ય સંપ્રદાયો કેટલા અને કયા કયા છે.

ઉ૦—હિંદુધર્મમાં હાલ જે સંપ્રદાયો છે તેના બે મુખ્ય ભાગ પાડી શકાય: (૧) અદ્વૈતવાદી અને (૨) દ્વૈતવાદી. અદ્વૈતવાદના ઉત્પન્ન થયેલા સંપ્રદાય ધર્મોમાં ત્રણ વિભાગ જોવામાં આવે છે:- (૧) કેવલાદ્વૈત; (૨) વિશિષ્ઠાદ્વૈત; અને (૩) શુદ્ધાદ્વૈત. કેવલાદ્વૈતના સિદ્ધાન્તનું સંસ્થાપન કરનાર આચાર્ય ભગવાન શ્રી શંકરાચાર્ય છે. છે અને તેમનો સંપ્રદાય **સ્માર્ત સંપ્રદાયને** નામે ઓળખાય છે. વિશિષ્ઠાદ્વૈતનું સ્થાપન કરનાર આચાર્ય શ્રી રામાનુજ છે. અને તેમનો સંપ્રદાય **શ્રી સંપ્રદાય** કહેવાય છે. શુદ્ધાદ્વૈતના સ્થાપક શ્રી વલ્લભાચાર્ય છે અને તેમનો સંપ્રદાય વિષ્ણુપ્રધાન હોઇ **પુષ્ટિ**

સંપ્રદાયને નામે ઓળખાય છે. આ સંપ્રદાયોના વળી બીજા કેટલાક પેટા સંપ્રદાયો છે. **બૌદ્ધધર્મ** માનનારાઓની સંખ્યા અત્યારે તો છેકજ ઘટી ગઇ છે. વળી **સ્વામી નારાયણ**ના નામથી જાણીતો એક વિશિષ્ટાદ્વૈતવાદી સંપ્રદાય છેલ્લા શતકથી ગુજરાતમાંજ છે. આ સઘળા સંપ્રદાયો ઉપરાંત છેવટના સૈકામાં પ્રચાર પામેલી નવીન કેળવણીથી બદલાયેલા વિચારાનુસાર ધર્મનું સંશોધન કરનાર એવી બ્રહ્મોસમાજ. પ્રાર્થનાસમાજ, આર્યસમાજ, થિઑસોફિ વગેરે કેટલીક ધાર્મિક સંસ્થાઓ પણ દેશમાં છે, પરંતુ તેમની ગણના સંપ્રદાયમાં ન થઇ શકે. જગતના સર્વ ધર્મોની સામ્યતા અંતે મૂળ વેદાંતમાંજ છે.

દરેક ધર્મ વેદાંતમાં સમાયેલ છે એટલે વેદાંતની ત્રણ ક્રમવાળી દશાઓ **દ્વૈત**, **વિશિષ્ટા દ્વૈત**, અને **અદ્વૈત**માં સમાઇ જાય છે. અને આ દશાઓ એક બીજા પછી ઉત્તરોત્તર ચઢીયાતી છે. મનુષ્ય જેમ જેમ ધાર્મિક પ્રગતિ કરતો જાય છે તેમ તેમ તેને આ ત્રણે દશાઓ ઉત્તરોત્તર આવે છે. આ ધર્મનું તત્વ અથવા ખરેખરૂં રહસ્ય છે.

પ્ર૦–જૈનધર્મનું સામાન્ય રૂપ કહો.

ઉ૦–અંતરમાના રાગ દ્વેષાદિ શત્રુઓને જીતી સંસાર સમુદ્રથી તરી પાર ગયેલા તે **જિન** કહેવાય છે. આવા વિતરાગી **જિન** ભગવાને પ્રવર્તાવેલા પંથને **જૈન ધર્મ** કહેવામાં આવે છે. **જિન** ભગવાનને તીર્થંકર પણ કહે છે. અને એવાં ચોવીશ તીર્થંકરો થઇ ગયેલા માનવામાં આવે છે. આ ચોવીશ જિન ભગવાન અથવા તીર્થંકરોને માનનારા જૈનો કહેવાય છે.

વેદાંતને હિંદના ભિન્ન ભિન્ન મનુષ્ય જાત સંબંધી, રૂઢીઓ અને સંપ્રદાયોની સાથે લાગુ પાડતાં જે બને છે તે હિંદુધર્મ છે. પ્રથમાવસ્થા જે દ્વૈત છે તેને યુરોપની ભિન્ન ભિન્ન પ્રજાઓના વિચારો સાથે લાગુ પાડીયે તો ખ્રિસ્તી ધર્મ બને છે. સેમેટીક પ્રજાઓને લાગુ પાડતાં મુસલમાન ધર્મ પ્રાપ્ત થાય છે. અદ્વૈતને તેના યોગના સ્પષ્ટ સ્વરૂપ સાથે લાગુ પાડતાં બૌદ્ધ ધર્મ વગેરે નીપજે છે. હવે ધર્મનો અર્થ વેદાંતથી સૂચવાય છે; એ વેદાંત ધર્મને વિધવિધ પ્રજાઓની જરૂરીઆતો, આસપાસની સ્થિતિઓ અને બીજા ભિન્ન ભિન્ન સંજોગો લાગુ પડતાં ભિન્ન ભિન્ન ધર્મના સ્વરૂપો બની જાય છે આથી તમે જોઈ શકશો કે ફીલસુફી એકજ હોવા છતાં શાકતો, શૈવો વૈષ્ણવો આદિ અને તેઓના ખાસ વિશિષ્ટ સંપ્રદાયો અને મતોને જુદી જુદી રીતે તે ફીલસુફીને લાગુ પાડે છે આ પ્રમાણે ધર્મનાં ત્રણ દર્શનો છે. એક દર્શન પછી બીજું દર્શન આવે છે અને તેથી ત્રણેમાં એકતા છે"

સ્વામી વિવેકાનંદ.

હાલની ધર્મસ્થિતિ અને તેનો ઉપાય.

પ્રાચીન વખતમાં ધર્મના આગળ બનાવેલા ઉત્તમોત્તમ સ્વરૂપને લઇને દેશ ઉન્નતિના શીખરે હતો. તે વખતે બ્રાહ્મણ વર્ગ હમેશાં સરળ અને સાદાઇમાં રહી અખિલ સમાજના હિતને માટે ચિંતન કરી યોજના કરતા. ક્ષત્રિયો શુરત્વની ભાવના અને દેશ રક્ષા માટે પ્રાણ આપતા. વૈશ્યો વેપાર વણજ કરતા અને ધર્મકાર્યો માટે દરેક માણસ કમાઇનો દશમો ભાગ વાપરતો. તે વખતની હિંદની સમૃદ્ધિ માટે બીજા દેશોને અદેખાઇ આવતી. યુરોપ, અમેરિકા, ચીન જાવા, સુમાત્રા વગેરે સ્થળે હિંદના ધર્મગુરૂઓ અને વેપારીઓ જઇ હિંદની અને હિંદુ ધર્મની કીર્તીની ધ્વજ ફરકાવતા. ઘણા પરદેશોમાં હજુ પણ હિંદુ દેવળના ખંડિયરો મળી આવે છે. જે દેશના લોકો બીજા દેશોને સંસ્કૃતિ અને ધર્મનો પાઠ ભણાવતા તથા હિંદુધર્મના અનેક ઉપદેશકો પોતાનાદેશમાં સતત ફરી ધર્મભાવ જાગૃત રખાતો તથા સમાજ ધર્મ માર્ગે રહી સુખી થતો હતો એટલુંજ નહિ પણ અનેક ઉપદેશકો પરદેશ મોકલાતા, તે દેશમાં આજે ખ્રિસ્તિ અને અન્ય ધર્મના ઉપદેશકો હિંદુઓને ધર્મ શીખવવા આવે છે. મતમતાંતરોથી નિરાળા સર્વ સામાન્ય સર્વ સારાવહ હિંદુધર્મમાં ઉપદેશકો શોધ્યા જડતા નથી અને પરિણામે હિંદુધર્મથી અજ્ઞાત રહેલા અને હિંદુ લોકો પ્રતિવર્ષે પ્રતિમહિને અન્ય ધર્મમાં જાય છે આજે ગુજરાતમાં જુદા જુદા કેટલાક મત સંપ્રદાયો અને પંથો છે તે [illegible] જોડે હળી મળી રહેવાને બદલે એક બીજા સામે આક્ષે[illegible], કરવાનું કાર્ય બાજુએ મૂકી વાદવિવાદમાં વખત [illegible]

જે પ્રજામાંથી ધર્મપ્રેમ અને જાતિપ્રેમ નાશ પામે છે તે પ્રજા નિર્માલ્ય અને દુઃખી બને છે. આવી દુઃસહ દુઃખદ સ્થિતિનો તાત્કાલીક ઉપાય થવોજ જોઇએ, અનેક સનાતન હિંદુધર્મના ઉપદેશકો દેશ પરદેશ જ્ઞાનદાન માટે ફરતા રહેવા જોઇએ અને તેમની આજીવિકાનું સાધન દાનપ્રણાલિ ફેરવી થવું જોઇએ. દેશમાંથી વ્હેમ અજ્ઞાન, કુધારા, દુર્વ્યસનો નાબુદ થયા સિવાય સ્વરાજ મળે તો પણ નભાવી ન શકાય અને તે માટે કોઇ પણ ઉપાયે અધર્મનો નાશ કરવા માટે, ધર્મ સ્થાપન કરવા માટે, પ્રજામાં આત્મ શ્રદ્ધા, સ્વમાન, પોતાની ઇશ્વરી અંશ તરીકેની શકિતનો ખ્યાલ જાગૃત કરી ધર્મથી કામ અને મોક્ષ સાધવાનો શ્રી કૃષ્ણચંદ્રના ગીતામાં કહેલા કર્મજ્ઞાન અને ભકિત યોગનો પ્રચાર કરવા અંકલેશ્વરમાં શ્રી ગુજરાત ધાર્મિક આશ્રમ અગ્રગણ્ય ધર્મિષ્ટ સજ્જનોની સહાનુભૂતિ અને સલાહ નીચે સ્થાપવામાં આવ્યું છે જેના ઉદ્દેશો નીચે મુજબ છે,

---

ગુજરાત ધાર્મિક આશ્રમનો ઉદ્દેશ.

મનુષ્યના કલ્યાણને અર્થે સનાતન ધર્મમાં જે તાત્વિક વ્યાખ્યાઓ પ્રબોધી છે, તથા જે પવિત્ર ભાવનાઓ પ્રેરાય છે તેનો પ્રચાર કરવો અને મનુષ્યોની શારીરિક, માનસિક તથા પારમાર્થિક ઉન્નતિ માટે બની શકે તેટલી સહાય આપવી એ આ ધાર્મિક આશ્રમના પ્રચારનો

મત-જગતના સર્વ ધર્મો-મતો એક અક્ષય સનાતન ધર્મનું રૂપાંતર માત્ર છે એમ માની પ્રત્યેક ધર્માવલંબીમાં પરસ્પર આત્મીયતા સ્થાપવી અને ટકાવી રાખવી.

કાર્ય પ્રણાલિકા-મનુષ્યોની સાંસારિક તથા આધ્યાત્મિક ઉન્નતિ માટે જ્ઞાન દાન આપી શકે એવા ઉપદેશકો તૈયાર કરવા (શરૂઆતમાં જે મળી શકે તેમાંથી સારામાં સારાં મેળવી તૈયાર કરી ચલાવવું) તેમજ કારીગરો અને પરિશ્રમ કરી આજીવિકા ચલાવનારાઓને ઉત્સાહ આપી વેદાંત અને તેવાં બીજા ધર્મભાવો તથા ગીતાજીમાં ઉપદેશેલા કર્મ જ્ઞાન અને ભક્તિ યોગનો જનસમાજમાં પ્રચાર કરવો.

હિંદમાનું કાર્ય-દરેક નગરમાં જેઓ આચાર્યવ્રત ધારણ કરવાની ઇચ્છાવાળા હોય તેવા ગૃહસ્થો તથા સંન્યાસીઓને શિક્ષણ આપવાને માટે આશ્રમોની સ્થાપના કરવી અને શિક્ષિત ઉપદેશકોને દેશ દેશાંતરમાં મોકલી જનસમાજને સુશિક્ષિત તથા કર્તવ્યશીલ કરવો તથા વેદાંતના ઉચ્ચ આદેશને ફેલાવવો.

વિદેશીય કાર્યવિભાગ-ભારતની બહાર દૃઢવ્રતધારી સંન્યાસીઓ મોકલવા અને ત્યાં સ્થપાયેલા આશ્રમો સાથે ભારત વર્ષના આશ્રમનો દૃઢ સંબંધ કરી પરસ્પર સહાનુભુતિ પેદા કરવી

ટીપ-હાલ તુરતને માટે આ ધાર્મિક આશ્રમનું કાર્યક્ષેત્ર ફક્ત ગુજરાતમાંજ રહેશે (મુંબાઇ સુધીનાં સ્થળો જ્યાં ગુજરાતીઓની વસ્તી હોય તેનો એમાં સમાવેશ થાય છે.)

પ્રકાશન કાર્ય-ધર્મમય જીવન કરવા આશ્રમ તરફથી થયેલું કામ તથા તે કાર્ય માટે મળેલા દાનનો હિસાબ આપવા અને હિંદુ [illegible] તથા

સમાજને સંગઠિત કરવા ધર્મજીવન નામનું માસિક ચલાવવું; તથા ગીતા આદિ ધર્મગ્રંથો ઘણી સસ્તી કિંમતે લોકભાષામાં છપાવી વેચાવવાં આ ઉદ્દેશો શ્રીમદ્ સ્વામી વિવેકાનંદના સિદ્ધાંતો અને ગુજરાતની ધર્મ અને અન્ય સ્થિતિના બારીક અવલોકન પછી તૈયાર કરાયલા છે.

ગુજરાત ધાર્મિક આશ્રમના ઉદ્દેશો બતાવી ગયા છીએ તે મુજબ કાર્ય કરવાની જરૂર અમને જણાય છે. અને તેને માટે જે જે કાર્યો થઇ રહ્યાં છે તેની જરૂરીઆત અને સ્થિતિ બતાવવા માટે મુંબઇવાળા શુદ્ધાદ્વૈત વિશારદ શાસ્ત્રીજી ધીરજરામભાઇએ બધું કાર્ય તપાસી જે સંસ્કૃતમાં ટુંકો પણ મુદ્દાસર લેખ લખ્યો છે તે તથા તેનો ગુજરાતી અનુવાદ અત્રે આપીએ છીએ જે ઉપરથી જણાશે કે આ આશ્રમ શ્રૌતસ્માર્ત વૈદિક મતને અનુકુલ છે અને આ કાર્યો ન કરવામાં આવે તો હિંદુ સમાજ નાબુદ થશે. આના પ્રચારને માટે ધર્મજીવન પ્રજાને હિંદુધર્મનું અભિમાન જાગૃત રાખવા પ્રેરણા કરશે તેને દરેક હિંદુ યથાશક્તિ અવશ્ય આપશે.

अर्वाचिन धर्म स्वरूप.

शुद्धाद्वैत विशारद शास्त्री रामशंकरात्मजो धीरजरामः

चतुर्भिश्च चतुर्भिश्च द्वाभ्यां पञ्चभिरेवच।
हूयते च पुनर्द्वाभ्यां तस्मै यज्ञात्मने नमः॥

अयि भोः श्री राधिकारमण चरणशरणैक संश्रयाः धर्मधुरन्धरा कलिकलितानेक सेवनतूर ... दांवरप्रकांडा वाचक महाशयाः!!

यतो यतो दृष्टि विकिरामः ततस्ततो झटित्येतदेव मतिपथ मारोहति, यत् केचनतो भ्रातरः "अन्धेन नीयमाना यथान्धाः" इति नीति मवरुध्य अधर्मगर्त पतन संमुख मुखा एवस्थिताः एवमपरे समपहाय नैजं श्रौतस्मार्त सनातन धर्मं, विधर्ममेव सादरमङ्गीकुर्वन्तः विस्मरन्तोऽत्र 'स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः इति विजयरथ कुटुंब भाषितं वचनम्, अंध तमः सोपानमालामधिरूढाः इतरे केचन तावत् कापालिकैः वाममार्गीयैः पाश्चात्यैः किं बहुशः अस्मद्धर्म विच्छित्ति कठोर कुठार प्रहारदीक्षैकदीक्षितैः मानुषापसदैः लिखितमतावलंबिभिरपि विनाश्यमाना अपचीयमाना सत्वाः विधाय सत्वदृष्टिं विधाय शून्य दृष्टिं सजिहते शाश्वतं स्वर्ग दुःखम एव मेव सर्वोपि वयं निकृष्टतमां दशामापन्नाः विस्तीर्ण श्रुति स्मृति संग्रहीत परमधनाः निज कर्तव्ये उदास्महे, कदा स्वोद्धारे जोस्मास्महे, किं कुर्मः क्व प्रयामः किं गृहीमः कतमत् त्यजामः इति तर्कवितर्क दोलिकामधिरूढाः पारतंत्र्यं; दैन्यं दास्यं विविध पापताप फलश्च समश्नीमहः। नैराश्य तिमिर परिवृते निरालोके लोके एवं अस्मत्पूर्वो भूत्वो रत्नो बाल तपसम प्रभः समभ्युदेति विधर्म तिमिर वनविखंडन सहस्र भानु भानुः 'धार्मिकाश्रमः' इति हन्तः प्रसीदामः। नूनमयं नो परमाशा लतिवैक फलं, अयमेवनः परम संपत, अयमेव चास्माकं सौभाग्य सारमितिकिं न निर्विवादम्?। यद्ययं पूर्वोक्त नामधारी बालपादपः सउत्साह प्रयत्नजल

परिपूर्णैः अहमहमिकैः कायवाङ् मनोव्यापार कलशैः स्यात् सिच्यमानस्तदा आशुप्रतिपदं विवर्धमानोऽयं सुफलद्रुमो भवेत्। ततश्चात्र दत्त दृष्टिमरेव अस्माभिः स्थेयं यथा समुत्थितोऽयं न परिपन्थि कठिन कुठार प्रहारै र्विकलिता यथवा समुचित समुत्तेजन वारिवैधुर्ये विशुष्क शाखा पत्रोघा भवेत्।

ननु कोऽयमपूर्वो नाम धार्मिकआश्रमः? कश्चास्य उद्देशः? कथं वा विद्यमानेषु विविध मासिकादिपत्र कलापेषु "धर्म-जीवन" मित्यभिख्यानाधारि मासिकं? कस्य धर्मः? किंतस्य जीवन वेति? चेत् सुबुद्धिरसि, सुशंकितं च। पर निबोध तदुत्तरमेतत्।

अयं तावद् धार्मिकाश्रमः क्रमशः स्वस्वधर्माभिरुचि समग्रे भारते वेद वेदांग, विहितं दर्शन पुराणेतिहास परिपुष्टं वैदिक धर्मः यत स्ततः सर्वत्र गत्वा समुपदिश्ये दुपदेशकद्वारा ततः पाश्चात्य ख्रीस्तीयादि पाषंड धर्मपाश पतितो न भवे दास्माकीनो धार्मिकोजनः ततः किंच निज धर्म एव श्रेयस्करः परमधनं चेत्य भिमत्य तदुदितं वैदिक फलं समश्नीया ल्लोकः ततोऽयं सर्व जनता संमान्य स्थापि-तोऽयमाश्रमः। 'धर्मजीवन' नामकं मासिकं प्रकाशनं तु तत एव य भारतीयानि बहूनि पत्राणि न केवलं वास्तव व्यापकं वैदिक धर्मतत्वं निराबाध मुपदिश्यन्ति। कानिचित् समाज संगठनायैव प्रयतन्ते तावदितराणि वैदिकमपि

परिच्छिन्नं न सर्वजन साधारणं धर्मं प्रथयन्तीति सर्व सारावहं सर्व साधरणं वैदिकमतवलंब्यैव गत धर्मजीव नाय जीवजाताय धर्मस्य जीवनमेव प्रदातुं समुद्देति 'धर्म जीवन' नामेदं पत्रम् ।

વેદમાં "यज्ञोवै विष्णु" ? એ શ્રુતિથી વિષ્ણુનું યજ્ઞસ્વરૂપ સિદ્ધ થાય છે માટે મંગલ શ્લોકથી યજ્ઞાત્મા વિષ્ણુને નમસ્કાર કરાય છે. વેદમાં "ॐ आश्रावाय, यस्तुश्रौषट्, वौषट्, येयजामहि, અને यज, આવા અધ્વર્યુ પ્રવૃત્તિના વાક્યોથી અગ્નિકુંડમાં આહુતિ પ્રક્ષેપનેજ યજ્ઞ કહેવામાં આવે છે. અને એવા યજ્ઞાત્મા વિષ્ણુને નમસ્કાર હો.

શ્રી રાધારમણ કૃષ્ણ પ્રભુનાં કોમલ ચરણકમલજ જેમનો એક આશ્રય છે. તથા પ્રેમથી ધર્મોદ્ધારને માટેજ અનેક પ્રયત્નો કરી સેવામાં તત્પર એવા સાક્ષર વાંચક મહાશયો ??

આપ સર્વ એ વાતથી અજ્ઞાત તો નહિજ હશો, જે ભયંકર કલિકાલરૂપ સર્પના અનંત વદનોથી જેમાં સદ્વૃત્તિ ગ્રાસ કરાઇ ગઇ છે તથા પાપના તાપથી ઝગીબળી રહેલા અનેક મનુષ્યવાળા, દંભ દ્વેષ, પાખંડ તથા અહંકાર વિગેરે દુર્ગુણોનુંજ જેમાં સામ્રાજ્ય વ્યાપી રહેલું છે એવા ધુગધુગ કરતા પ્રચંડ કલિકાલરૂપી દાવાગ્નિથી ર હેત ન જાણે સ્વર્ગ દ્વાર ખોલવામાજ પટુ સમગ્ર જનતાથી સેવાયલો, પ્રાચીન મુનિગણથી વૃદ્ધિગત્ થયેલો કયાં ગયો તે અમારો શ્રૌત ધર્મ? કયાં છે તે અમારી પ્રતિપત્ ચંદ્રકળાની માફક દિવસે દિવસે પલે પલે વધતી ધર્મરૂચિ? પ્રત્યેક આશ્રમમાં ઉદાત્ત સ્વરથી

કર્ણગોચર થતો અત્યંત મધુર રસને વરસવાનારો તે સરસ વેદઘોષ આજે ક્યાં છે ! ક્ષત્રિય, વૈશ્ય, તથા શૂદ્રનાં ઉદ્ધારમાંજ જેનો અત્યંત આદર છે એવો બ્રાહ્મણ ધર્મ પણ ક્યાં નાઠો ! ક્યાં તે ક્ષત્રિયોનું ઉજ્વલિત કર્મ ! વૈશ્યોનો વ્યાપાર પદ્ધતિ કે ગોબ્રાહ્મણ શુશ્રુષા ક્યાં રહી ? અને શૂદ્રનું સેવારૂપ કર્મ પણ ક્યાં નાશ પામ્યું ? હા, આપણી આ દીનહીન સ્થિતિ જોઇ કે સાંભળી દુ:ખી દુ:ખી થઇ જવાય છે. જ્યાં જ્યાં દૃષ્ટિ ફેંકીએ છીએ ત્યાં ત્યાં જલદી એજ ધ્યાનમાં આવે છે કે કેટલાક આપણા ભાઇઓ અંધથી દોરાતા અંધની માફક અધર્મના ગર્તમાંજ પડવા તૈયાર થઇ રહ્યા છે. ત્યારે બીજાઓ પોતાના શ્રોત, સ્માર્ત ધર્મને તિલાંજલિ આપી વિધર્મનેજ આદરથી ધર્મ માની બેસી, 'સ્વધર્મમાં થયેલું મોત પણ સારૂ પણ પરધર્મ ભયાનક છે' આવા જગદીશનાં વાક્યો ભૂલી જઇ ઘોર નર્ક માર્ગનાં પગથીઆ પરજ ચઢી રહ્યા છેજ અને અન્ય કાપાલિક, વામમાર્ગી, વધારે તો શું આપણા ધર્મ વિચ્છેદને માટેજ કઠોર કુહાડાનાં પ્રહાર કરવામાંજ દીક્ષા પામેલા ખ્રીસ્તી સમાજી વિગેરેથી નાશ કરતા હીન બળવાળા બની સત્યદૃષ્ટિ ઢાંકી શૂન્ય દૃષ્ટિ કરી નિરંતર સ્વર્ગસુખનો ત્યાગ કરી રહ્યા છે. આવા રીતે બધાજ અત્યંત હીન દશાને પામેલાં સદસદ્ વિચાર રહિત ધર્માભિમાન વગરના થઇ તથા આપણુ શ્રૌત, સ્માર્ત પરમ ધનને ખોઇ બેસી નિજ કર્તવ્યમાં ઉદાસીન થયા છીએ. પોત પોતાનાંજ ઉદ્ધારમાં પણ મુંગે મોઢે બેસી રહીએ છીએ. શું કરીએ ! ક્યાં જઇએ ? શું લઇએ ? કોને ત્યાગ કરીએ ? આવી રીતે તર્ક વિતર્કનાં હિંડોળે બેસી પરતંત્રતા, દીનતા, દાસ્ય, તથા અનેક પાપનાં ફલો ભોગવીએ છીએ. આવી દશાથી દગ્ધ થઇ રહેવામાં તથા નિરા

શાના અંધકારથી ઢંકાયલા નિસ્તેજ આ લોકમાં આ અપૂર્વ, ભવ્ય, તથા રકત બાલ સૂર્યનાં જેવી કાંતિવાળો, વિધર્મરૂપ તિમિર વનનો નાશ કરવામાં સૂર્યરૂપ "ધાર્મિક આશ્રમ" ઉદય પામે છે એજ આપણા ભાગ્યનું સુચિન્હ છે. ખરેખર આજ અમારી આશા વલ્લીનું સુફલ છે, આજ અમારી પરમ સંપત્તિ, તથા એજ આપણા પરમ સૌભાગ્યનો સાર છે એ શું નિર્વિવાદ નથી? અગર આ ધાર્મિક આશ્રમ નામનો નાનો છોડવો ઉત્સાહ, પ્રયત્નરૂપ જલથી છલકાતા, અમારા, કાયા, વાણી, તથા મનરૂપ કલશોથી નિરંતર સિંચાતો રહે તો ખચિતજ વૃદ્ધિ પામી મીઠાં ફલ વરસાવનારો થાય માટે આપણે તો સાવધજ રહેવું રહ્યું કે ઉગેલો આ છોડવો શત્રુઓનાં કઠિન કોદાળીઓનાં પ્રહારથી અંગ રહિત અથવા ઉ-તેજનરૂપ યોગ્ય જલ ન મળવાથી શાખા પત્ર વગરનો થઇ સુકાઇ ન જાય. અગર શંકા થાય કે વળી આતે શું? ધાર્મિક આશ્રમ અથવા એનો ઉદ્દેશ શું? અને દુનીઆમાં હજારો માસિક, સાપ્તાહિક, તથા દૈનિક એવા અનેક પત્રો હોવા છતાં આ વળી નવું 'इदमपितृतीयम्' શું? ધર્મ અને એનું જીવન તે શું?

તો એનો સરસ ઉત્તર નીચે પ્રમાણે અપાય છે—આ ધાર્મિક-આશ્રમ ધીમે ધીમે પોતપોતાના ધર્માભિમાન છોડતાં સમગ્ર ભારતમાં સર્વત્ર વેદ વેદાંતથી કહેવાયલા, દર્શન, સ્મૃતિ, ઇતિહાસોથી પોષાયલા ધર્મના ઉપદેશકોદ્વારા ઉપદેશ અપાય તેથી, તથા આપણો ધાર્મિક સમુદાય પાશ્ચાત્ય ખ્રીસ્તી વિગેરે પાખંડ ધર્મની જાલમાં ન ફસાય તેથી, તથા સ્વ ધર્મજ શ્રેયસ્કર અને પરમ ધન છે આવું માની

ધર્મજન્યજ વૈદિક ફલને જનસમુદાય ઉપભોગ કરે તેથીજ સર્વ જનતાથી સંમત આ આશ્રમ સ્થપાયો છે.

ધર્મજીવન નામનું માસિકની જરૂર એટલાજ વાસ્તે કે ભારતના અનેક પત્રોમાં વાસ્તવ તથા વ્યાપક વૈદિક ધર્મનો નિઃસંકોચ ઉપદેશ ન થતો હોવાથી, તથા કેટલાક વૈદિક પણ સર્વમાન્ય ન હોવાથી, તથા અન્ય કેટલાંક પત્રો તો સર્વ સમાજ સંગઠનજ કરવાવાળાં હોવાથી, સર્વસારાવહ, તથા સર્વ સાધારણ વૈદિક મતનુંજ અવલંબન કરી જેમાંથી ધર્મજીવન નાશ પામ્યું છે એવા જનસમુદાયને ધર્મનું જીવન આપવા ખાતરજ **ધર્મજીવન** નામનું આ માસિક પ્રગટ થાય છે.

બાળલગ્નનું પરિણામ.

બાળલગ્ન અને કજોડાંથી હિંદુ જેવી મહાન પ્રજા પાયમાલ થતી જાય છે. આટઆટલા સુધારાથી હજુ તેમાં બહુ ફેરફાર કરી શકાયો નથી. હિંદુ સમાજને નુકશાન કરનાર અનેક રીવાજો છે પણ તેમાં સૌથી વધુ પાયમાલી કરનાર અને અધર્મી રીવાજ બાળલગ્નછે.

બાળલગ્નથી આપણા છોકરાંઓ નાની ઉમરે રોગના ભોગ થઇ પુરૂ ભણી શકતા નથી અને હલકા પ્રકારની નોકરીમાં જીવન ગાળી

દુઃખે દહાડા કાઢી બાળ બચ્ચાને રવડાવી નાની વયે મરણ પામે છે. નાની ઉમરના છોકરા સાથે અગર સરખી વયના છોકરા સાથે લગ્ન કરતાં છોકરી ૧૩-૧૪ વર્ષે સ્ત્રી બને છે અને છોકરો તે ઉમરે પુરૂષ ન ગણાય. નારણામે એવાં લગ્નથી જરૂર સ્ત્રીઓ કુકર્મ કરવા તરફ દોરાય છે. આથી તેનો સંસાર બગડે છે અને તેથી અનેક દુઃખની પરંપરા શરૂ થાય છે. આ બધાને માટે અયોગ્ય લગ્ન કરનાર માબાપને પ્રભુને ત્યાં જવાબ દેવો પડશે. દરેક નાતની વૃદ્ધ સ્ત્રીઓને અરજ કરવામાં આવે છે કે એવું લગ્ન માલમ પડે કે ત્યાં તેમણે જઇ ફકત એટલી તો ખબર આપવી જોઇએ કે આવા લગ્નથી સારૂં પરિણામ નહિ આવે, આટલું જો તેઓ કરશે તો જરૂર તેઓ પ્રભુને ત્યાં જવાબદારીમાંથી મુકત થશે અને ધીમે ધીમે એવા વિવાહ અટકશે અને થયા હોય તે તુટશે.

આ મહાન રોગને હઠાવ્યા સિવાય ધર્મનું કે દેશનું ભલું નહિ થાય, તે વગર સ્વરાજ્ય અશકય છે. નિર્બળ, પોષણ માટે ફાંફા મારતા દુઃખી પુરૂષો, કજોડાને લીધે કુકર્મ તરફ દોરાતી સ્ત્રીઓ દેશને પાયમાલ કરશે. દરેક સ્ત્રીઓએ આવા વિવાહની નિંદા કરી પોતાની જવાબદારીમાંથી મુકત થવું. દરેક પુરૂષે આખા દેશના સુખને ખાતર, ધર્મને ખાતર, દયાને ખાતર, આવાં લગ્નો અટકાવવાં. આમ થતાં સંસારમાં સ્વર્ગનો પડછાયો પડશે.

મૂર્તિપૂજા

દરેક મનુષ્યની ઉન્નતિ સરખી રીતની હોતી નથી અને તેને લઇ અનેક જાતની પૂજા, મત વગેરે, જ્ઞાનનો પ્રાદુર્ભાવ પૂરેપૂરો ન થાય ત્યાં સુધી રહે છે અને રહેશે. પ્રભુ ચરણે એકાગ્ર ચિત્ત કરવા,

ધર્મભાવ વખતો વખત ટકાવવા મૂર્તિ પૂજા અને મંદિરો જરૂરનાં છે. નિર્વિકલ્પ ધ્યાનની દશા પ્રાપ્ત થાય ત્યાં સુધી કોઇપણ જાતના અવલંબનની જરૂર છે. પણ તેમાં સાધનને સાધ્ય ન માની બેસાય એટલીજ સાવચેતી રાખવાની છે. સઘળી પૂજાનું રહસ્ય એકજ છે કે જ્ઞાન ભક્તિ અને અને કર્મયોગદ્વારા પોતાનું દેહાભિમાન જેટલો બની શકે તેટલો વધુ વખત ભૂલી જવાય અને પ્રભુ તથા પ્રભુરૂપ જગતની સેવા અનન્ય ભાવે કરી જીવભાવ ટાળી ઇશ્વરભાવ કાયમ થાય અને તેનુંજ અહર્નિશ ચિંતન થાય એ માટે જે જે ઉપાયોથી મનદૃઢ થાય તે તે ઉપાયો કામના છે. જેની જેની જેમાં શ્રદ્ધા હોય છે તે વડે આ અંતિમ ધ્યેય ભલે સાધે તો તેમાં નાહકના ઝઘડાઓ કોઇ કરે નહિ એવી પ્રાર્થના છે.

તીર્થયાત્રા.

તીર્થયાત્રા પ્રાચીન કાળમાં સંતસમાગમ માટે તથા આપણા ઇતિહાસ પ્રસિદ્ધ મહાપુરૂષોના ચરણથી પવિત્ર થયેલ ભૂમિમાં જઇ તેમના કાર્યોનું સ્મરણ કરી તેવા થવા માટે યોજાયલાં હતાં. એવા સ્થાનોમાં જતાં આપણી પૂર્વની કુબુદ્ધિ અને વાસનાઓ નાશ પામે, આપણે વિશેષ નીતિમાન, ધર્મિષ્ઠ નિષ્કામકર્મયોગી થઇ આવીએ તો તીર્થયાત્રા ફળરૂપ છે નહિતો ખર્ચ કરેલો નકામો જાય છે.

હાલ ઘણા તીર્થ સ્થાનોમાં પંડયા, ગોર વગેરેનો જુલમ અને પૈસા કઢાવવાની કળાથી ત્રાસ ફેલાયલો છે. કેટલાંક સ્થાનોતો અની-

તિનાં ધામ હોય છે તો તેવે વખતે દરેક ભક્તિમાન મનુષ્યનું કર્તવ્ય એ છે કે પોતે જ્યાં રહે છે ત્યાંજ રહી ગીતાના સૂત્રોને વ્યવહારમાં મૂકી તે ધામને તીર્થરૂપ બનાવે. એવા એક મનુષ્યનું જીવન ફરતાં અનેકને તે પવિત્ર બનાવશે.

નિષ્કામ કર્મયોગ, અનન્ય પ્રભુ ભકિત અને સત્ય ધર્મના પ્રચારને માટે બને તેટલું દાન એ કોઈ પણ માણસને કોઇ પણ સ્થળે પવિત્ર બનાવશે અને તે સ્થળ તીર્થરૂપ થશે.

તીર્થયત્રાને બ્હાને હજારો ભીખારીઓના ઝુંડને ઝુંડ ભીખ માગી રહ્યાં છે તેઓ નથી તો પોતાનો વ્યવહાર સાધતા કે નથી પરમાર્થ સાધી શકતા. આ રીતે હિંદુ પ્રજા ઉપર અનેક ભારે નિરૂદ્યમી મનુષ્યોનો બોજો વધેલો છે, જેને દાન આપી ભાવિક હિંદુઓ માની લે છે કે તેમણે તેમનું કર્તવ્ય કર્યું છે. પણ તેમ નથી. અયોગ્ય દાન વડે અને તે દાનના કરનારા દાતાઓ વડે હિંદુજાતિને અને ધર્મને વધુ નુકશાન થયું છે. અમારે મુંબાઇવાળાં જાનકીબાઇ જોડે ભૂલેશ્વરમાં એ સંબંધી વાતચીત થયેલી છે, અને આ ભીખારીઓ જે સંકટો પોતાની જાતે વેઠે છે તથા બીજા ઉપર પાડે છે તથા જે દાન ધર્મપ્રચાર અને સેવા ધર્મમાં વપરાઇ દેશઅનેધર્મની ઉન્નતિ થવી જોઇએ તેને બદલે અજ્ઞાન નિરૂદ્યમી ગાંજો બીડી ફુંકનાર આળસુઓમાં વપરાઇ દેશને અને હિંદુધર્મને કેટલું નુકશાન થાય છે તે અમે જાતે મુંબાઇમાં રહી તપાસ કરી છે. આવી બાબત બંધ થવી જોઇએ.

ધાર્મિક આશ્રમના સેવકોની ફરજો.

મુખ્ય કાર્યકર્તાનું કર્તવ્ય.

૧ દર પંદર દિવસે ઉપદેશકો તરફથી આવેલી ડાયરી ચેકસ તપાસી રસીદો વગેરે તપાસી શ્રીમાન કેળવાધ્યક્ષ તરફ મોકલવા.

૨ ઉપદેશકો ઉપર દેખરેખ રાખવી.

૩ ધર્મજીવન માસિક ચલાવું તથા વ્યવસ્થા કરવી.

૪ ઉપદેશકને લવાજમ તથા બીજો ખર્ચ કેળવાધ્યક્ષ સાથે મળી પૂરો પાડવો.

૫ ધર્મભાવ જાગૃત કરવા માટે હિંદુસમાજની એકતા માટે 'હેન્ડબીલો, પોસ્ટરો' છપાવી ફેલાવવાં.

૬ મોટાં શહેરમાં ધર્મપ્રવૃત્તિ માટે વ્યાખ્યાન, મેલાવડા કરવા તથા ગામડાઓમાં પ્રસંગોપાત ઉપદેશકો સાથે ફરવું. તથા તેમને કાર્ય કરતા જોવા. યોગ્ય મથકોએ હિંદુમંડળો સ્થાપી સેવાશ્રમો, શાળાઓ વગેરે સ્થાપવાં તથા વ્યવસ્થા ગોઠવવી.

૭ આશ્રમ તથા માસિકના હિત માટે બને તેટલું કરવું.

૮ આશ્રમ તથા માસિકને અંગે યોગ્ય કાર્ય કર્તાઓને નીમવા તથા તેના હિતને અંગે અયોગ્ય જણાય તેને દૂર કરવા.

ઉપદેશકોનું કર્તવ્ય.

૧ પોતાને ફરવાના ગામોમાં જાય ત્યાંની ડાયરી રાખવી.

૨ સામાન્ય ધર્મોપદેશ. ૩ આરોગ્યતાના નિયમો સમજાવવા.

૪ સ્વદેશી પ્રચાર. ૫ દુર્વ્યસન નિષેધ.

૬ કુરિવાજોનો નિષેધ. ૭ સંગીત સાથે ભજનો.

૮ અનાથ અપંગ મલી આવે તો અનાથાશ્રમમાં મોકલવા વ્યવસ્થા કરવી. ૯ ગીતાના અભ્યાસ તરફ લોકોને દોરાવવા.
૧૦ અણસમજમાં પ્રીસ્તિ વગેરે વટલેલાઓને ધાર્મિક ક્રિયાઓ કરી પાવન કરવા,

૧૧ સાધારણ રોગોની દવાની પેટી રાખી સાધારણ નુકશાન ન કરે એવી દવા આપવી.

૧૨ લોકોને ચાલુ હિલચાલથી માહિત કરવા.

૧૩ ધાર્મિક આશ્રમ માટે છપાયલા નંબર વાળી પહોંચ આપી તથા સ્થળ પ્રત ઉપર દાતાની અગર તે ગામના અન્ય સંભાવિત ગૃહસ્થની શહી લઇ દાન લેવું.

૧૪ મુખ્ય સ્થળેથી વખતો વખત જે સૂચનાઓ મળે તેનો અમલ કરવો.

ગીતા.

વેદ ગીતાનાં વાક્યો ગ્રહીને, વ્યવહારે વિચરે સૌ જન,
તેજ દિવસ આવે છે આજે, ઉન્નત થા તું હિંદુસ્થાન. નર્મદાશંકર.

જે ધર્મના સર્વમાન્ય પુસ્તકો લોક ભાષામાં પાણીને મુલે વેચાય, અને તેનો બહોળો પ્રચાર થાય અને તેનો ફેલાવો કરવા ઉપદેશકો ફેરવાય તો તે ધર્મ તરફ લોકો ખેંચાય છે, અને તે ધર્મ પાળતી પ્રજા તરફ સહાનુભુતિ થાય છે, તથા તે પ્રજા પરમ કલ્યાણ, સામ્રાજ્ય અને મોક્ષ મેળવે છે.

આ દિશા અને તેથી અમાપિત સૂત્રનો ઉપયોગ ખ્રિસ્તી લોકોએ કરી પરમ પુરુષાર્થ પ્રાપ્ત કર્યું છે. તેઓ પાણીને મુલે બાઇબલ

લોકભાષામાં વેચે છે અને દરેક દેશમાં હજારો ઉપદેશકો મોકલે છે, ત્યારે આપણે ઉપદેશકો તો શું પણ આપણો આચમન કરતાં પણ અનેક દરજ્જે પ્રમાણભૂત ગીતા જેવો ગ્રંથ જે સર્વ ધર્મોને માન્ય છે, અને જે પાશ્ચાત્ય વિજ્ઞાનશાસ્ત્રોની કસોટીમાં ટકી શકે છે, જેમાં અંધશ્રદ્ધા રાખવાની જરૂર પડતી નથી તે ગ્રંથ એટલે આપણા ઇષ્ટ શ્રીકૃષ્ણ પરમાત્માના વચનામૃતો સસ્તી કિંમતે કાઢી શક્યા નથી.

ગુજરાતમાં સેંકડે નેવું ટકા ઉપરાંત મનુષ્યો સંસ્કૃત જાણતા નથી. થોડા જાણે છે તે શુદ્ધ વાંચી શકતા નથી. માટે ગુજરાતી ભાષામાંજ શ્રીકૃષ્ણના વચનામૃતો—પરમપવિત્ર ગીતા હાલની છાપવાના સાહિત્યોની મોંઘવારીના સમયમાં પણ અતિ સસ્તી કિંમતે એટલે નામની કિંમતે વેચાવાની જરૂર છે કે જેથી સામાન્યજનો પણ આ પુસ્તક ખરીદી જ્ઞાનદાન મેળવી પોતાના જીવનનું સાર્થક કરી શકે.

આ માટે આશ્રમ તરફથી થોડાજ વખતથી ધર્મપંથ પ્રકાશક શાખા ખોલવામાં આવી છે, જેમાં જો કોઇ કર્તવ્યશીલ અને ધર્મ પરાયણ ગૃહસ્થ રૂા. ૧૫) જેટલી નજીવી રકમ દાન આપશે તો આ પવિત્ર અને સર્વ ઉપનિષદોના દોહનરૂપ સર્વ માન્ય ગીતાશાસ્ત્રની ૧૦૦૦ નકલ લોક ભાષામાં સારા જાડા કાગળ ઉપર છપાવી તેમાંથી કેટલીક ખોટ ખમી એક કે સવા આના જેવી નામની કિંમતે પ્રજાને વેચવામાં આવશે. તેના મુખપૃષ્ઠ ઉપર આ મનુષ્યને નિર્મળ કરનાર જ્ઞાનદાન દેનાર દાતાનું નામ તથા તેની શુભવૃત્તિ સંબંધી ઉલ્લેખ આવશે. તથા છબીનો બ્લોક કરાવી આપશે તો તેની છબી પણ મૂકાશે. મુંબઇના રૂપીઆ સાડી બત્રીસ. દાન દેનારના નામે ૫૦૦ ગીતાઓ છપાવી શકાશે.